
R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❊ ચંદ્રકાન્ત નંદુ ❊ સંજય છેડા

VOL.65 ISSUE NO. 9 - DECEMBER 2022 - 60 PAGES - RS. 15/-




Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

**ડિસેમ્બર ૨૦૨૨**

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| વ્યવહાર, વલણ, સંબંધ........................ | અશ્વિન માલદે ............................ | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ......................................... | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન............ | ૯ |
| પગ મેં ભમરી............................................... જળમંદિરોઃ(માનવ અને પશુસેવાની નવી મંજિલો) | લીલાધર માણેક ગડા .................. | ૧૧ |
| કુણી ઘર દેતા કા ઘર...................................... | ડૉ. ગિરીશ વીંછીવોરા ................. | ૧૭ |
| ગંધ એ ગુણસુંદરી છે..................................... | ડૉ. ગુલાબ દેઢિયા....................... | ૨૧ |
| કચ્છ પત્રકારત્વની પહેલી સવાસદી................... | પ્રવીણચંદ્ર શાહ........................... | ૨૬ |
| જીવતરના નવમા દાયકે અડીખમ-અણનમ સમાજસેવક........ શ્રી વિશનજી હરશી ગાલા (ડુમરા-થાણા)........... | વિશ્રામ એમ. ગઢવી.................... | ૩૨ |
| યે જીવન હૈ .................................................. | સંજય વિસનજી છેડા ................... | ૩૬ |
| ભગવાન બુદ્ધ પરિપથ .................................... | જ્યોતિ જેવત મોતા..................... | ૩૮ |
| બદલાતો સમય અને હકીકત............................ | હેમા વીરા ................................ | ૪૩ |
| વાત છે મારી-તારી-આપણી ........................... | શાંતિલાલ ગઢિયા ...................... | ૪૫ |
| ૐ ઇગ્નોરાય નમઃ........................................ | રાજુલ પિયૂષ દેઢિયા.................... | ૪૬ |
| પગદંડીને પત્ર | | |
| મેડિકલ સારવાર | દિનેશ ગોગરી ........................... | ૪૮ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| ''વણપોંખાયેલા દેશભક્ત કચ્છીઓની ન્યોચ્છાવરી''... | શાંતા ધનજી ગાલા ..................... | ૫૦ |
| ઉર્મિલહર..................................................... | સંપાદન : વિશન નાગડા.............. | ૫૧ |
| સાંત્વન....................................................... | ................................................ | ૫૬ |



**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

**"આજે લગ્નમાં શું જમવાનું હશે ?"**
**એ ઉત્સુકતાનો અંત આવે**
**જ્યારે મહેમાન**
**ગાલા કેટરર્સ નો ટેગ જોયે**
**"જે હશે બધુ ભાવતું જ હશે !"**

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ

## ડેસ્ટીનેશન વેડિંગ

**આપના પ્રસંગોને બનાવો યાદગાર.**

૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

## કાર્પોરેટર સેમીનાર, એક્ઝીબીશન માટે

**૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ**

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spec.com

**Gala Caterers**
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

**પ્રવીણ ગાલા : 9892183338**

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૩૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in

Google | Google play

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## વ્યવહાર, વલણ, સંબંધ

માણસ એક સામાજિક પ્રાણી છે.

એનું કુટુંબ છે, સમાજ છે, સગાં છે, સંબંધીઓ છે, મિત્રો છે, વતનના ગામ સાથે સંકળાયેલ છે અને

વ્યવસાય હેતુ મુંબઈ અથવા અન્યત્ર વસતો થયો છે.

વ્યવસાયી સંબંધો છે. પાડોશીઓના સંબંધો છે. બધા સંબંધોના વ્યવહારો હોય છે.

અને એ વ્યવહાર સાચવવાના હોય છે.

જન્મના વ્યવહાર.

મરણના વ્યવહાર.

લગ્ન, સગપણ વિગેરે પ્રસંગોના વ્યવહાર.

દિવાળીની શુભેચ્છાના વ્યવહાર.

જન્મદિવસ, લગ્નતિથિની શુભેચ્છાના વ્યવહાર.

ક્ષમાપના માંગવાનો વ્યવહાર.

લિસ્ટ બહુ લાંબું બની શકે છે.

પરંતુ વ્યવહાર આજના અને ગત દિવસોમાં ઘણો ફરક આવી ગયો છે. પહેલાંના વ્યવહારો મહદ્ અંશે લાગણીસભર અને સ્વયંસ્ફુરિત હતા.

લગ્નની ધમાલ અઠવાડિયાઓ પહેલાં શરૂ થઈ જતી.

દિવાળીના દિવસોમાં અઠવાડિયાઓ સુધી આવન-જાવન ચાલુ રહેતી, એવું જ ક્ષમાપના માટે.

એકમેકના ઘરે જવાનું.

મરણ પ્રસંગે પણ સધિયારો અને હૂંફ આપવા સમગ્ર કુટુંબ હાજર રહેતું, દિવસો સુધી.

પરંતુ હવે વ્યવહારો યંત્રવત્ બની રહ્યા છે.

દિવાળી અને ક્ષમાપના થોડાક અપવાદો સિવાય ફક્ત Whatsapp પૂરતા મર્યાદિત થઈ ગયા છે, તે પણ Forwarded. ક્યારેક સંબોધન નહીં, ક્યારેક મોકલનારનું નામ પણ નહીં અને તે પણ લાંબા સંબંધો સુંધી, લાંબી ઓળખાણ સુધી.

દિવાળી વાઘબારસથી શરૂ થઈ જાય, ભાઈબીજ સુધી ચાલે.

ક્ષમાપના પર્યુષણ પર્વ શરૂ થતાં પહેલાં, સાંવત્સરીક પ્રતિકમણ પહેલાં અને સાંવત્સરી પ્રતિક્રમણ પછી. તત્કાલીન બિરાજતા મુનિ-ભગવંતોની પ્રેરણા મુજબ.

બધી જ WhatsApp બાબાની મહેરબાની.

**લગ્ન**

કંકોતરીઓ હવે WhatsAppમાં સમાઈ ગઈ છે.

કંકોતરી આપવા માટે ઘરેઘરે જવાનો રોમાંચ, કંકોતરી આપવા માટે નજદીકના સંબંધીઓને લઈ જઈ એમને અપાતું માન, હવે ભૂતકાળ બની ગયાં છે.

લગ્નના પ્રસંગો વધતા ગયા છે.

રિંગ સેરેમની, સંગીત સંધ્યા, મહેંદી, વગેરે વગેરે.

તો કયાં લગ્ન ફક્ત સવારના અથવા ફક્ત સાંજના બની રહ્યા છે.

અને હવે તો Destination લગ્નનો મહિમા વધતો ચાલ્યો છે.

કોઈક સમૂહલગ્નમાં જોડાય છે, તો કોઈક સ્વમાન લગ્નમાં સહભાગી થાય છે.

લગ્નના ચોથા ફેરામાં ઉત્સાહભેર પાનેતર લઈ જવું અનિવાર્ય થઈ ગયું છે.

ચાંદલા પ્રથા લગભગ બંધ છે.

હવે નોટબુકમાં નોંધ કરવાનું અને એ સગાને ત્યાં પ્રસંગ હોય તો જૂની નોટબુક કાઢી એ પ્રમાણે વ્યવહાર કરવાનો રોમાંચ વિસરાઈ ગયો છે.

**અવસાન**

Commutreeમાં મરણના ખબર  સંબંધો સાથે આવે છે. ક્યારેક સ્મશાનયાત્રાનો સમય પણ આવે છે.

બાકીનાને Whatsapp મૅસેજ ફૉરવર્ડ થયા કરે.

મોભાદાર કુટુંબને ત્યાં પ્રસંગ હોય તો સામાજિક કાર્યકરો એની જવાબદારી લઈ લે છે.

પ્રાર્થના રાખેલ નથી એ સામાન્ય બની રહ્યું છે.

જો ખમતીધર કુટુંબ હોય તો યોગી સભાગૃહમાં પ્રાર્થના રાખવી જરૂરી છે, બહુબહુ તો નારાણજી શામજી વાડી.

એક વખત દરેક પ્રાર્થના સભા માટે અનિવાર્ય કરસન લધુ નિસર હૉલ.

હવે નછૂટકે રખાય છે.

અને બધું બે-ત્રણ દિવસમાં સમેટાઈ જાય છે.

કુટુંબીજનોને હૂંફ અને સધિયારો આપવાનું ફક્ત ઘરની વ્યક્તિઓ પૂરતું જ મર્યાદિત થઈ ગયું છે.

**જન્મદિવસની લગ્નતિથિની શુભેચ્છાઓ**

પહેલાં એવો વ્યવહાર ન હતો, પરંતુ હવે Whatsappના જમાનામાં અનિવાર્ય થઈ ગયું છે. શુભેચ્છા સંદેશ તમારી પાસે એ વ્યક્તિનો જો સીધો સંપર્ક હોય તોપણ ગ્રુપમાં જ નાખવાનો, બે-ત્રણ ગ્રુપમાં હોય તો એટલી વાર નાખવાનો.

હદ તો ત્યારે થાય જ્યારે પતિ-પત્ની એકમેકને Facebookના માધ્યમથી મૅસેજ મોકલે.

આવા તો ઘણા વ્યવહારો છે જે નામશેષ થઈ ગયા છે અથવા એનું સામર્થ્ય ગુમાવી રહ્યા છે.

એવું નથી કે જૂનું એટલું સારું અને નવું એટલે નિરર્થક.

વ્યવહારના ઘણા ફેરફારો આવકારવા દાયક પણ છે.

આપણા સમાજની પ્રગતિનું એક કારણ એ પણ છે કે આપણે બહુ સરળતા અને સહજતાથી ફેરફાર સ્વીકારી લઈએ છીએ.

ક્યારેક આવા વ્યવહાર પરંપરાનું સ્વરૂપ પણ લઈ લે છે.

હમણાં કચ્છમાં ઊમટવાના પ્રસંગો વધતા રહ્યા છે.

- વાર્ષિક કુળદેવીના જુહાર માટે
- ચાતુર્માસ પ્રવેશ અને પર્યુષણ પર્વ માટે
- ધાર્મિક અનુષ્ઠાનો, ધજાના ઉત્સવ વગેરે માટે

આ નવા વ્યવહારો છે.

પરંતુ ક્યારેક એવું લાગી રહ્યું છે. વધી રહેલ વ્યવહારોમાં શુષ્કતા આવી રહી છે. ઉપરછલ્લા બની રહ્યા છે. જાણે વ્યવહાર ખાતર વ્યવહાર કરીએ છીએ.

લાગણી અને ભિનાશ ઘટતાં જાય છે. વ્યવહારો લેખાંજોખાં સાથે કરતા થઈ ગયા છીએ.

આર્થિક સદ્ધરતા, ધંધાદારી સંબંધો, ભવિષ્યની ઉપયોગીતા વગેરે બાબતોનું મહત્ત્વ વધતું રહ્યું છે.

આપણે નબળા સંબંધીની પ્રાર્થનામાં જવાનું કે ફોન કરવાનું ટાળીએ છીએ, પરંતુ ગામના કે સમાજના કોઈ મોભીની પ્રાર્થનામાં જવાનું અનિવાર્ય ઘણીએ છીએ.

આવા જ માપદંડો લગ્નમાં પણ અન્ય વ્યવહારમાં પણ.

Covid, GST અને નોટબંધીએ નાના ધંધાવાળા મધ્યમ વર્ગની કમર તોડી નાખી છે. એમાંથી કોઈક આપણી નજીદીકનો પણ હશે... ચાલો આપણે સધિયારો આપીએ. રાહત આપીને નહીં, પણ પાછો ઊભો થવામાં મદદરૂપ બનીએ.

Whatsappના વ્યવહારોને કોરાણે મૂકી, વ્યક્તિગત વ્યવહાર કરીએ.

સાચા અર્થમાં શુભેચ્છા આપીએ, ક્ષમાપના કરીએ.

માંઠા પ્રસંગોએ હૂંફ આપીએ.

સારા પ્રસંગને દીપાવીએ.

ચાલો આપણે આપણા વ્યવહારમાં થોડી આદ્રતા લાવીએ.

**- અશ્વિન માલદે (ભુજપુર)**

મો. ૯૮૨૦૨૧૬૦૩૧

# પ્રમુખશ્રીની કલમે

✲ ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન ✲

## નવા વર્ષના સંકલ્પો

વિક્રમ સંવત ૨૦૧૯ની શરૂઆત થઈ ચૂકી છે. શ્રી ક.વી.ઓ. સેવા સમાજે સમાજ સેવાનાં ૭૫ વર્ષ ખૂબ જ સાતત્યભર્યાં પૂરાં કરેલ છે. શ્રી ક.વી.ઓ. સેવા સમાજ હરહંમેશ સમાજ ઉત્થાનને ધ્યાનમાં રાખીને પોતાની પ્રવૃત્તિઓનું ફલક વિસ્તારતો આવેલ છે. સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવામાં સેવા સમાજનો નક્કર ફાળો રહેલ છે.

બુકબૅંકથી શૈક્ષણિક લોન અને યોગ્ય સમયે શિક્ષણને લગતા સેમિનારો અને કાઉન્સેલિંગ દ્વારા સમાજના યુવા વર્ગને માર્ગદર્શન આપવા સેવા સમાજના ફાળાની નોંધ સર્વે ઠેકાણે લેવાય છે. કોરોના પછી આપણા સમાજમાંથી ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા ખૂબ જ સારી એવી સંખ્યામાં યુવક-યુવતીઓ જતાં થઈ ગયેલ છે. વિદેશમાં સારી યુનિવર્સિટીના એડ્મિશન માટે યોગ્ય માર્ગદર્શન અને વગર વ્યાજની શૈક્ષણિક લોન જે સેવા સમાજમાંથી અપાય છે.

વિદેશમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ મહદ અંશે ત્યાં જ સ્થિર થઈ જાય છે, પણ વિદેશમાં અભ્યાસ કરી ભારતમાં પોતાના ફૅમીલી બિઝનેસમાં જોડાઈ ફૅમીલી બિઝનેસને આગળ વધારે એવું હોવું ઈચ્છનીય છે. એ અંગેના પ્રયત્નો કરવા જરૂરી છે.

ફક્ત ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવું એ ધ્યેય ન હોવું જોઈએ. સારી યુનિવર્સિટીમાં એડ્મિશન મેળવવું અને યોગ્ય જગ્યાએ જવું જરૂરી હોય છે. એ માટે ખૂબ જ સજાગ રહેવું જરૂરી હોય છે. સેવા સમાજ વર્ષોથી આ પ્રયત્નો કરતો આવેલ છે અને આવનાર સમયમાં આ અંગે વધુ પ્રમાણમાં સેમિનારોનું આયોજન કરવું જોઈશે.

યુવા વર્ગની વાત કરીએ છીએ ત્યારે એક વાતનું ધ્યાન ખેંચવાનું જરૂરી છે કે આપણા યુવા વર્ગમાં વ્યસનોનું પ્રમાણ ચિંતાજનક લેવલ સુધી પહોંચી ગયેલ છે. ફક્ત પાર્ટી અને મોજમજાકમાં લેવાતાં કેફી પીણાં / પદાર્થોના બંધાણી થઈ જવું ખૂબ જ ચિંત્તાપ્રેરક છે અને એમાં આપણી યુવતીઓ પણ બાકાત નથી. આ બધા માટે ઘરના વડીલોએ સજાગ રહીને સંસ્કારોનું સિંચન કરવું પડશે. અને આપણાં બાળકોના મિત્રવર્તુળ ઉપર પણ ધ્યાન આપવું પડશે. ફક્ત આંધળો વિશ્વાસ ન કરીએ તો સારું. યુવક-યુવતીઓ ખૂબ જ સ્માર્ટ થતાં જાય છે. એમને યોગ્ય માર્ગદર્શન આપવાથી તેઓ ખૂબ જ સારા પરિણામ લાવી શકે છે. એમની કાબેલિયત ઉપર આપણાને વિશ્વાસ રાખવો જરૂરી બની રહેશે.

યુવક-યુવતીઓમાં લગ્ન પછીના અણબનાવોમાં ખાસો એવો વધારો જોવા મળે છે. સરેરાશ ૧૦ લગ્નમાંથી ૨/૩ છૂટાછેડામાં પરિણમે છે. જે ખૂબ જ આઘાતજનક છે. વિચારોનો મતભેદ, સમજદારીનો અભાવ, અહમ્‌નો ટકરાવ વગેરે કારણો જોવા મળે છે. Pre-marriage counciling કદાચ આવા કેસોમાં ઉપયોગી થઈ શકે. લગ્નજીવનમાં સાદી સમજ પણ ખૂબ જરૂરી હોય છે. અને Pre-marriage counciling માટે આપણો સૌએ સહિયારા પ્રયત્નો કરવા જ પડશે.

આમ જોવા જઈએ તો આવનાર સમયને અનુસરી ઘણીબધી નવી પ્રવૃત્તિઓ આપણાને આપણી યુવા પેઢી માટે કરવાની રહેશે. આપણી સ્થાનિક સંસ્થાઓ પોત-પોતાના એરિયામાં યુવાઓ માટે વધુ સારી એવી પ્રવૃત્તિઓ કરતા આવ્યા છે, જે ખૂબ જ સરાહનીય છે. આના લીધે આપણા યુવાઓમાં પરસ્પરની ઓળખાણ-ભાઈચારો વધે છે. આપણા યુવક-યુવતીઓમાં ઘણી જ સુષુપ્ત શક્તિઓ છે. જે આવી પ્રવૃત્તિઓ દ્વારા આપણે ઉજાગર કરી શકીએ અને સમાજ માટે ઉપયોગમાં લઈ શકીએ.

સમય અનુસાર એક શિક્ષિત સુસંસ્કારી સમાજ માટેની પ્રવૃત્તિઓ માટે ગંભીરાતાથી વિચારીએ એવી અપેક્ષા સાથે.....

મો. : ૯૩૨૨૯ ૫૫૮૮૦

# પગ મેં ભમરી

લીલાધર માણેક ગડા-અધા

## જળમંદિરોઃ (માનવ અને પશુસેવાની નવી મંજિલો)

લખપત શહેર (ભાગ્યું તોય ભરૂચ) અને તાલુકાનું મને ઘેલું છે. તો એ વિસ્તારમાં જવાની કોઈ પણ તક મળે તો હું છોડતો નથી. કચ્છીઅત હજી લખપત તાલુકામાં એના અસલ સ્વરૂપમાં સચવાયેલી છે. આધુનિકતાના ઓછાયા લખપતનાં ગામડામાં ઓછા છે અને આછાઆછા છે. લખપત તાલુકાનાં એકસો ગામડાં પૈકી વીસ ગામડાં વસ્તી વિહોણાં છે. બાકી ૮૦ ગામડાંમાંથી ત્રીસ ટકા જેટલી વાંઢો છે જ્યાં પશુઓની વસ્તી માણસોની વસ્તી કરતાં પાંચથી દશ ગણી છે. આ વાંઢો અને ઘણાં ગામડાં માત્ર પશુપાલન પર ટકી રહ્યાં છે. પશુપાલન માટે ચારો અને પાણી બે જ ચીજો જોઈએ. અહીં ઔદ્યોગિકીકરણ પણ થયું છે. લિગ્નાઈટ આધારિત પાવરસ્ટેશનો, સિમેંટ કારખાનાં, બ્રોમીન અને કેમિકલ કારખાનાં હોવા છતાં ઘણી વસ્તી પશુપાલન પર ટકી રહી છે. ખૂબ ધીરજથી લોકો દુષ્કાળ અને અછતના કપરા સમયમાં, પુષ્કળ તકલીફો અને અપાર મુશ્કેલીઓ વચ્ચે પોતાના માલને (પશુઓને) પોતાના જાનની જેમ સંભાળે છે. દુષ્કાળ કે અછત સમયે સરકાર અથવા મહાજનો દ્વારા ઘાસચારો મળી રહે છે, પરંતુ પાણી મેળવવું બહુ અઘરું છે. શિયાળો ઊતરતાં પાણીના પરંપરાગત સ્રોતો સુકાઈ જાય છે અને ત્યારે શરૂ થાય છે સ્થળાંતર. પરિવાર વાંઢો કે કસ્બામાં રોકાઈ જાય અને માલધણી સાથીદારો સાથે કચ્છ બહાર, સેંકડો કે બે હજાર કિ.મીટર દૂર છતીસગઢ - મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સુધી પશુઓને લઈ નીકળી જાય છે. આજે તો મોબાઈલ ફોન દ્વારા વચ્ચેવચ્ચે પરિવાર સાથે વાતચીત થઈ શકે છે, પરંતુ વર્ષો અગાઉ મોબાઈલ ફોન ન હતા ત્યારે? આપણને એ પરિવારોની મનઃસ્થિતિની માત્ર કલ્પના જ કરવી રહી. આ માલધારીઓ છ-આઠ મહિના વિચરણ કરે છે અને એમનું વિચરણ કેમ અટકાવી શકાય? અબજોનાં બજેટો સાથે વિવિધ આયોજનોમાં માત્ર થોડા કરોડનું પદ્ધતિસરનું આયોજન માત્ર પાણી માટે સરકાર કરે તો? પરંતુ એ થતું નથી, કારણકે સરકારની પ્રાથમિકતાઓ નક્કી કરવાનાં પરિબળો અભેદ છે અને તેથી હજારો માલધારીઓનાં લલાટે દુષ્કાળ અને અછતના સમયે સ્થળાંતર સિવાય અન્ય કોઈ પર્યાય નથી હોતો.

સદી દોઢ સદી અગાઉ આપણાં ગામડાંમાં પાણી માટેના પરંપરાગત સ્રોતોની પૂરેપૂરી માવજત અને સારસંભાળ લેવાતી. ગ્રામજનો પાણીનો વપરાશ કરકસરથી કરતા હતા. પાણીના આવની સફાઈ, ખાણોત્રા દ્વારા તળાવોને ઊંડાં કરવા, ઓગનની મરમ્મત વગેરે કામો જાતમહેન થી સમયસર થઈ જતાં કારણકે ત્યારે સરકાર ન હતી એટલે અપના હાથ જગન્નાથનો સિદ્ધાંત અમલમાં હતો. આઝાદી પછી ઘણાં બધા કાર્યો માટે સરકાર ઉપર અવલંબન થવા લાગ્યું અને એનાં માઠાં પરિણામો ભોગવવા પડે છે. ત્રણ વર્ષનાં ૧૯૮૫-'૮૬-'૮૭ - ત્રણ વર્ષના લગાતાર દુષ્કાળ વખતે કચ્છે એનાં ગંભીર પરિણામો ભોગવ્યા અને કચ્છનું અડધોઅડધ પશુધન નાશ પામ્યું.

કચ્છમાં સ્વપ્નદૃષ્ટા મુરબ્બી કાન્તિસેન શ્રોફે કચ્છના આ પ્રશ્નને પારખી એના ઉકેલ માટે ''પાણી બચાવો, પાણી સંગ્રહ કરો અને જળસ્રોતોનું રક્ષણ કરો''ના ત્રીપાંખિયા કાર્યક્રમને હાથ ધર્યો. વિવેકાનંદ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટના પાયામાં કચ્છમાં પાણીના પ્રશ્નનું નિરાકરણ કરવાનો ઈરાદો છે. VRTI સંસ્થાએ બંધપાળા અને ચેકડેમોનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો. આદરણીય શ્રી તુલસીભાઈ ગજરા આ પ્રવૃત્તિના પ્રણેતા હતા. શરૂઆત માંડવી અને અબડાસા તાલુકાથી કરી. VRTIની ઑફિસ, કાર્યશાળા અને ખેતર માંડવી-ભુજ રોડ ઉપર માંડવીથી ૨ કિ.મીટર દૂરી પર હતાં. અબડાસા તાલુકામાં કામ કરવા માટે ત્યાં પણ માંડવી જેવું મૉડેલ જરૂરી હતું. નલિયાના નેકદિલ ઈન્સાન મામદ અબ્દુલ મેમન શેઠે નલિયા ભુજ સડક ઉપર ૨૫ એકર જમીન VRTIને ભેટ આપી. VRTI સંસ્થાઓ તુલસીભાઈની રાહબરી હેઠળ એક દાયકા સુધી બંન્ને તાલુકાઓમાં સેંકડો ખેડૂતોને બંધપાળા માટે પ્રેરિત કર્યા. બંધપાળા માટેનું સૂત્ર હતું **''ખેતરનું પાણી ખેતરમાં''** અને ચેકડેમ માટેનું સુત્ર હતું **''સીમનું પાણી સીમમાં''.** તુલસીભાઈ ગજરાની લીડરશિપ નીચે VRTIના કાર્યકરો ગામડે ગામડે ફરી વળ્યા અને પ્રચાર, પ્રસાર અને પ્રેરણા માટે એમની સાથે જોડાયા લાલ રાંભિયા. લોકજાગૃતિ માટે ડાયરાનો નવો CONCEPT સ્વીકારવામાં આવ્યો. ધીરેધીરે ડાયરામાં શિક્ષણ, સ્વચ્છતા, અંધશ્રદ્ધા, મહિલા સશક્તિકરણ જેવા વિષયોને પણ આવરી લેવામાં આવ્યા. વહીવટી ખર્ચ શૂન્ય, લોકકલાકારો લાલ રાંભિયાની રાહબરી હેઠળ સ્વેચ્છાએ જોડાયા, સાજ-વાંજિત્રોનો ઠઠ્ઠારો નહીં.... ખર્ચમાં માત્ર ગાડીભાડું અને ચા-પાણી અને એમાં પણ અડધોઅડધ ખર્ચ લોકફાળા દ્વારા જમા થઈ જાય. આપણા સમાજ કે સાધુસમાજે આ ગજબની પ્રવૃત્તિની નોંધ લીધી કે નહીં તેની જાણ નથી, પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાયનાં સ્વામી શ્રી માધવ પ્રિયદાસજી લાલ રાંભિયાની ટીમને સૌરાષ્ટ્ર લઈ ગયા અને ત્યાં લોકજાગૃતિનું મોટુ કામ થયું.

કામ કામને શીખવે એ ન્યાયે એવી સમજ આવી કે ચેકડેમો કરતાં ખાત્રેણાઓ અને માટીકામ દ્વારા પાણીના પરંપરાગત સ્રોતો વધુ સફળ બની શકે. ધરતીકંપ પછી સૌ સંસ્થાઓ પુનર્વસનનાં પુણ્યકાર્યમાં જોડાયેલી હતી તોપણ ૨૦૦૨ થી ૨૦૦૪ દરમ્યાન PMO ફંડમાંથી વીસ જેટલાં ડેમો અને તળાવોને રિપૅર કરવામાં આવ્યાં હતાં. VRTIના પ્રણેતા આદરણીય શ્રી કાંતિસેન શ્રોફ ગાંધીજીના ટ્રસ્ટીશિપ સિદ્ધાંતને વરેલા હતા અને VRTIના સૂત્રધાર શ્રી તુલસી ગજરા પ્રજાકીય કાર્યોમાં કરકસરને પ્રાધાન્ય આપતા હતા. કચ્છની આફત વેળાએ સર્વેક્ષણ, રાહત, પુનર્વસન વગેરેનાં કાર્યો સુપેરે થાય તે માટે કચ્છની ગ્રાસરૂટ કક્ષાએ, જુદાજુદા ધ્યેયોને પ્રાધાન્ય આપતી ત્રીસેક સંસ્થાઓ એકછત્ર નીચે ભેગી થઈ અને સંગઠન કચ્છ નવનિર્માણ અભિયાનનું નિર્માણ થયું. કચ્છ નવનિર્માણ અભિયાનનાં સૂત્રધારો હતાં પ્રખર ગાંધીવાદી પૂ. મણિદાદા સંઘવી, ગ્રામ્ય કાર્યકર અને ખેતીવાડી નિષ્ણાત મધુભાઈ આચાર્ય, સંનિષ્ઠ કાર્યકર સુષ્મા આયંગર, પૂ. કાન્તિકાકા અને એવા જ અન્ય સંનિષ્ઠ લોકસેવકો. અમારું એ સદ્‌ભાગ્ય હતું કે અમારું ઘડતર આવા પવિત્ર વ્યક્તિઓના સાંનિધ્યમાં થયું કોઈ પણ નવનિર્માણ કાર્ય હાથમાં લઈએ તેમાં કરકરસર, લોકભાગીદારી અને છેવાડેની વ્યક્તિને પ્રાથમિકતાના ત્રણ સિદ્ધાંતોને લક્ષ્યમાં લેવાના, એનો ક્યારેય પણ નજરઅંદાજ કરવા નહી.

ધરતીકંપ પુનર્વસન પ્રવૃત્તિઓમાંથી મુકત થયા એટલે દરેક સંસ્થા પોતાના મુખ્ય ઍજંડા તરફ પાછી વળી. VRTI અને અન્ય ગ્રામીણ ક્ષેત્રે ખેતી અને પાણીનાં કામને પ્રાધાન્ય આપતી સંસ્થાઓ ભેગી થઈ, વિચારવિમર્શ થયો અને ચેકડેમોને બદલે પરંપરાગત જળસ્રોતોની સુધારણા, સંગ્રહશક્તિમાં વધારો, ઈત્યાદિને પ્રાથમિકતા આપવામાં આવી અનો આ પ્રવૃતિનો ''જળમંદિર'' નિર્માણનું નામ આપવામાં આવ્યું. જળમંદિર પ્રવૃત્તિને કચ્છ નવનિર્માણ અભિયાન અને VRTIએ ૨૦૧૦ પછી પ્રાથમિક આપી અભિયાનના ઉત્સાહી સેક્રેટરી જયેશભાઈ લાલકા અને લાલ રાંભિયા સાથે હું પણ જોડાયો. લોકભાગીદારી અને લોકજાગૃતિના નવા અભિગમ સાથે શરૂઆતનાં વર્ષોમાં ધીમી ગતિએ જળમંદિર નિર્માણકામ શરૂ થયું. જળમંદિરની માગણી ગામલોકો તરફથી આવવી જોઈએ એ જરૂરી હતું જે તે ગામના પરંપરાગત સ્રોતોનું નિરીક્ષણ, સર્વેક્ષણનું કામ જયેશભાઈ કરતા અને ગામની ભાગીદાર માટે લોકજાગૃતિનું પવિત્ર કામ લાલ રાંભિયા કરતા. હું વચ્ચેવચ્ચે જોડતો હતો. ચાર-પાંચ વર્ષ પછી આ પ્રવૃત્તિએ વેગ પકડ્યો ત્યારે દુર્ભાગ્યે કોરોના મહામારી આવી અને બધું ઠપ્પ થઈ ગયું. કોરોના મહામારી હળવી થતાં

૨૦૨૧ના જૂન મહિના પછી જળમંદિર પ્રવૃત્તિને વેગવાન બનાવવામાં આવી. અભિયાન અને VRTIએ આ સબબ પુખ્ત વિચારણા કરી. જળમંદિર નિર્માણ આયોજનમાં **લોકભાગીદારી, લોકજાગૃતિ** સાથે **લોકજ્ઞાન**ને સામેલ કરવામાં આવ્યું. કયાં તળાવો અને તળાવડીઓ ઊંડાં કરવાં અને કોને પહોળાં કરવાં, પાણીની આવને સુધારવા શું કરવું અને ઓગનની દિશા કઈ બાજુ વાળવી એનું જ્ઞાન સ્થાનિક લાકોને અદ્ભુત હોય છે. સ્થાનિક લોકોની તળપદી બોલીમાં કહે કે, ''કઇંક ઠામજો તળ ખોટો વે ત એનકે ઊનું ન કરાવાજે. એની ઠામે કે મોગતા કેઆ ખપે.'' કેટલાક તળાવોનું તળીયું ખોટું હોય છે તો એને ઊંડૂ કરવાને બદલે એને પહોળું કરવું જોઈએ. એટલે કોઈ પણ ગામના પાણીનાં પરંપરાગત સ્રોતોનું સર્વે કરતી વખતે સ્થાનિક લોકોને સાથે રાખવા જોઈએ. લોક ભાગીદારીમાં પૈસો, પરસેવો અને પરિશ્રમ ત્રણે બાબતોને સામેલ કરવામાં આવી. લોકજાગૃતિ માટે ગ્રામસભા સાંજે વીઆરું પછી નિરાંતે ભેગી થાય અને મોકળા મને ચર્ચા-વિચારણા થાય અને ગ્રામસભા પછી લોકડાયરાનું આયોજન કરવામાં આવે. પરિણામે જળમંદિરના નિર્માણમાં કોઈ કચાશને અવકાશ જ ન હોય.

જળમંદિરોના નિર્માણનો હેતુ હતો સ્થાનિક સ્રોતોની સંગ્રહશક્તિ વધારવી અને તે માટે પાણીની આવક, સંગ્રહ અને વધારાના પાણીની નિકાસનું પૂર્ણ આયોજન કરવું. સંગ્રહિત થયેલાં પાણીનાં ઉપયોગ માટેના માપદંડો પણ નિશ્ચિત કરવામાં આવ્યા. જ્યાં પશુધન વધારે હોય ત્યાં જળમંદિરો નિર્માણ કરવા પ્રાથમિકતા આપવી, જેથી અછતના કપરા કાળમાં સ્થળાંતર ન થાય. આ લેખની શરૂઆતમાં સ્થળાંતર કરનારા માલધારીઓની તકલીફોનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે અને તેને ધ્યાનમાં લઈ, દરેક તાલુકામાં નાની-મોટી વાંઢો અને જે ગામ મુખ્યત્વે પશુધન પર નભતું હોય તેવા ગામની સીમોમાં જળમંદિરો ઊભાં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

૨૦૨૨નું વર્ષ પૂજ્ય કાન્તિસેન શ્રોફની જન્મશતાબ્દીનું વર્ષ અને તેથી શ્રોફ પરિવારે એકસો જળમંદિરો માટેનો સંકલ્પ કર્યો. એ આયોજનોમાં આરતી પરિવારે સૂર પુરાવ્યો અને એટલા જ જળમંદિરોના નિર્માણ માટે આર્થિક સહયોગ જાહેર કર્યો. અમારા મિત્રો અને ગુણીજનોએ બીજાં પચાસ તળાવો નિર્માણ કરવાની હામી ભરી. અભિયાન VRTIનાં બ્યૂગલો સાથે ભોજાયની પીપૂડી પણ વાગી. વર્ષ ૨૦૨૨માં કચ્છમાં ગાંધીધામ તાલુકાને બાદ કરતાં નવ તાલુકામાં સર્વેક્ષણ હાથ ધરાયું અને અનુકૂળતાએ વર્ષ ૨૦૨૨ (જાન્યુઆરી ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૨)નાં સાત મહિના દરમ્યાન વધુમાં વધુ જળમંદિરો

નિર્માણ કરવા માટેની કમર કસી. આ સાત મહિના દરમ્યાન જે પ્રવૃત્તિ થઈ એનાં લેખાંજોખાં - Balance Sheet રજૂ કરતાં હું અત્યંત આનંદ અનુભવું છે. સૌનો સાથ-સહકાર લઈ કેટલું ભગીરથ કામ થઈ શકે છે તેનો આપણને ખ્યાલ આવશે.

*વર્ષ ૨૦૨૨ના સાત મહિના દરમ્યાન ૧૫૬ જળમંદિરોનું નિર્માણ કચ્છમાં નવ તાલુકામાં થયું છે. ૧૫૬ જળમંદિરોને કારણે ૪૫ અબજ લિટર વધારાનું પાણી સંગ્રહિત થયું. ૧૫૬ જળમંદિરના નિર્માણમાં ૨.૬૬ કરોડ રૂપિયાનો ખર્ચ થયો જેમાં ૧.૩૭ કરોડ રૂપિયાનો પરસેવો, પરિશ્રમ અને પૈસાના સ્વરૂપમાં લોકફાળો હતો, એટલે કે ૫૧.૫% લોકભાગીદારી અને ૧.૨૯ કરોડ રૂપિયાનો ખર્ચ સંસ્થાઓએ કર્યો છે, જે કુલ ખર્ચનાં ૪૮.૫ ટકા જેટલો છે. અભિયાન અને VRTIના જળમંદિર નિર્માણ પ્રકલ્પની સૌથી નોંધનીય હકીકત છે એનો વહીવટી ખર્ચ. વહીવટી ખર્ચમાં પગાર, મુસાફરી તથા જાહેરખબર, સભાઓ જેવા અન્ય ખર્ચાઓને સામેલ કર્યા છે તોપણ કુલ ખર્ચનાં અઢી ટકા જેટલો એટલે કે વહીવટી ખર્ચ રૂા. સાડા છ લાખ જેટલો આવ્યો છે. ૪૫ અબજ લિટર પાણી સંગ્રહ રૂા. ૨.૬૬ કરોડના ખર્ચે સંગ્રહ થયો છે એટલે લિટર દીઠ ખર્ચ ૬ પૈસા જેટલો આવ્યો છે. આપણે વેપારી પ્રજા છીએ. ખર્ચ અને આવકની ત્રીરાશી માંડીએ તો વારીદાન (પાણી માટે અનુદાન) માટે જળમંદિર સિવાય અન્ય કયો વિકલ્પ હોઈ શકે.*

જળમંદિર આયોજનમાં મારો ફાળો ગોવર્ધન પર્વત ઉપાડવામાં ટચલી આંગળી જેટલો છે. લાલ રાંભિયાની સક્રિય સામેલગીરી વખતોવખત રહેતી હોય છે. ગામલોકોને જાગૃત્ત કરવા અને પાણીનો સંગ્રહ અને બચાવ માટે એમને તૈયાર કરવા માટે લાલભાઈ કચ્છ ફરી વળે છે, પરંતુ આ આયોજનનો ખરો યશ જયેશભાઈ લાલકાને જાય છે. કચ્છના અબડાસા તાલુકાના ગામ બાંડિયાના જયેશભાઈ કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનાં છે. તેઓએ જીઓલૉજી (ભૂસ્તરશાસ્ત્ર)માં માસ્ટર્સ ડિગ્રી હાંસલ કરી છે. યુવાન જયેશભાઈ (તેઓની ઉંમર ૫૨ વર્ષની છે) આ ડિગ્રી સાથે સંસ્કારશ્રીમાં ઉચ્ચ હોદ્દો ધરાવી શક્યા હોત. કોઈ માઈનિંગ કંપનીમાં જોડાઈ વાર્ષિક સાત આંકડા ઉપર કમાણી કરી શક્યા હોત તેને બદલે એમના પિતાને ચાલી પોતાના જ્ઞાન સાથે પોતાની જાતને કચ્છની સેવામાં અર્પણ કરી. કચ્છની તસુએ તસુ જમીનનાં તળ અને તાસીરથી તેઓ વાકેફ છે. એમની સાથે કચ્છની આબોહવા, હવામાન, એના ભૂસ્તર અને ભૂગોળ વિષે ચર્ચા કરતાં એક નવા કચ્છનાં

આપણને દર્શન થાય છે, કારણકે તેઓ ક્યારેય જ્ઞાન કે પ્રતિભાનું પ્રદર્શન કરતા નથી. કચ્છ બહાર ઘણા સેમિનારોમાં તેઓ ભાગ લે છે. કાર્યશીલતા, કરકસર અને સાદગીના ગુણો તેમને પિતાશ્રી તરફથી વારસામાં મળ્યા છે. કચ્છની ખેતી અને તે વિષેની સમજ કાબિલે-દાદ છે. યુવાન જયેશ કચ્છને લાંબા સમય સુધી પોતાની સેવાઓ આપી શકશે.

જળમંદિર પ્રવૃત્તિ માટે શ્રોફ પરિવાર અને આરતી પરિવારનું અનોખું અને અનેરું આર્થિક યોગદાન છે. આ પ્રવૃત્તિનાં પ્રચાર માટે ક્યારે પણ મુંબઈ કે અન્ય શહેરોની હોટેલોમાં મિટિંગો નથી બોલાવી કે નથી કોઈ સભાઓ ગજવી. કોઈ રાજકારણીઓ કે વિશિષ્ટ વ્યક્તિઓનું અભિવાદ કર્યું નથી. ગામલોકો સાથે રાત્રે વીઆરું પછીનો મેળાવો, એમનાં દુઃખ દરદને સાંભળવાની ધીરજ, એમના તળપદા જ્ઞાનનો સ્વીકાર અને એમને એમના પોતાના હિત માટેના આયોજનની શીખ..... આ બધું કરવા માટે શું કરવું જોઈએ, કોને પ્રાધાન્ય આપવું અને કઇ પ્રાથમિકતાઓનો સ્વીકાર કરવો આટલી સમજ આયાજકો પાસે હોય તો કોઈ પણ આયોજન મુશ્કેલ નથી. જળમંદિરોએ એ પુરવાર કર્યું છે.

છેલ્લા અઠવાડિયા દરમ્યાન લખપતનાં ગામડાંમાં ભોજાય ટ્રસ્ટના નેત્રરક્ષા અભિયાન કાર્યક્રમના અમલીકરણ માટે ફરું છું. એકસોથી અઢીસોની વસ્તીવાળા પશુપાલકોનાં ગામડાંઓ ઓડીવાંઢ, જતવાંઢ, બેરવાંઢ, સાયણ, શીણાપરની સીમમાં જળમંદિરો પાણીથી છલોછલ ભરાયાં છે, ઓતરાદી વાયરાઓ વાય છે અને જળમંદિરોમાં પાણીની લહેરો ઊઠે છે, છલકાય છે ત્યારે મનડું પણ મલકાય છે. જય જળમંદિરો.

- ભોજાય

મો.: ૯૮૭૯૫૦૬૦૫૬

**વિશેષ નોંધ :** જળમંદિર નિર્માણની ટીમ પાસે જયેશ લાલકાની ક્લાસિક લીડરશિપ છે, અને સલાહસૂચનો લાલ રાંભિયાનાં છે. ગાડીના ડ્રાઈવર સાથે કુલ છ જણાની ટીમ છે. નવ તાલુકાનાં ૧૫૬ તળાવો - જળમંદિરોનાં નિમાર્ણકાર્ય વખતે ચાર-પાંચ જેટલી ટીમની મુલાકાતો થાય છે. જે.સી.બી.ની વપરાશનાં કલાકો, ટ્રેક્ટર ટ્રોલીઓનાં આંટાફેરાઓનો હિસાબ, ગામલોકોના લોકફાળાના હિસાબો અને અન્ય ખર્ચાઓની વિગતો જળમંદિર નિર્માણકાર્ય પૂરાં થયાં પછી દશેક દિવસમાં આવી જાય છે. દરેક નિર્માણકાર્યનાં હિસાબોમાં પૂરેપૂરી ચોક્કસાઈ વર્તાય છે અને પૂર્ણ પારદર્શકતા છે.

આટલા ભગીરથ કાર્ય કરનારાઓની ઑફિસે ક્યારેક પધારશો તો એની સાદગીથી દંગ થઈ જશો.

# કુણી ઘર દેતા કા ઘર

✳ ડૉ. ગિરીશ વીછીવોરા ✳

ગુજરાતી રંગભૂમિ અને સિનેસૃષ્ટિ એક દીર્ઘ તંદ્રામાંથી ફરી પાછી સળવળી છે ત્યારે મરાઠી નાટ્યતખ્તા અને ચિત્રપટના પડદા પરની અનુપમ કલાકૃતિઓ પર ધ્યાન આકૃષ્ટ થાય છે.

મેધાવી કવિ - સાહિત્યકાર કુસુમાગ્રજની એક બેનમૂન કલાકૃતિ 'નટસમ્રાટ'નું સિને રૂપાંતર છએક વર્ષ પૂર્વે મરાઠી સિનેમાના પડદે રજૂઆત પામ્યું. હૈયું હચમચાવી દેનાર આ ચિત્રપટને જોતાં મરાઠી કલાજગતની આ ઊંચાઈએ ગુજરાતી કલાજગત પણ પહોંચે એવી અપેક્ષા ઉદ્‌ભવે છે.

લેખક દ્વારા કરાયેલું 'નટસમ્રાટ'નું વિહંગાવલોકન રસપ્રદ નીવડશે.

પદ્મશ્રી કવિ નારાયણ સુર્વે ફોનમાં કહી બેઠા, 'તુમ્હી જરૂર ઈયા, બાઈસાહેબાલા પણ ઘેઉન યા'. 'બાઈસાહેબે' ખવડાવેલ બટાટાપૌંઆ કવિરાજ ભૂલ્યા નહોતા.

રવિન્દ્ર નાટ્ય મંદિરમાં કેન્દ્રીય સાહિત્ય અકાદમી યોજિત 'કાવ્યશાળા'ના પ્રમુખ મેળાવડામાં ગયા. સ્વપ્ને પણ ખ્યાલ નો'તો કે કવિવર કુસુમાગ્રજ - શિરવાડકરની સમક્ષ થવાનો યોગ થશે. પ્રેમાળ વ્યક્તિત્વવાળા મિત્રવર્ય સુર્વે કુસુમાગ્રજને કહી બેઠા 'ખરા સાંગુત કવિતા મલા ડૉક્ટરાંચા દવાખાનાત સાપડલી.' 'છાન, છાન'. મૃદુમુલાયમ સ્મિતવેરી કવિરાજે દૃષ્ટી મેળવી ત્યારે તેમને 'જ્ઞાનપીઠ' એવોર્ડ નો'તો મળ્યો.

અલબત્ત મને ધરપત ન થઈ. કુસુમાગ્રજ સન્મુખ થવાનો યોગ આવે ને એમના અમર સર્જન નટસમ્રાટનો ઉલ્લેખ સરખો ન થઈ શકે એ વિધિની વિચિત્રતા જ કહેવાય.

નટસમ્રાટ સર્જાયું ૧૯૬૨માં. ૧૯૭૦માં નાટક ભજવાયું. મુખ્ય પાત્ર નટસમ્રાટ ભજવે છે ડૉ. શ્રીરામ લાગુ ને પાછળથી સચીન ખેડેકર. અલબત્ત હમણાં એનું ચલચિત્રમાં રૂપાંતર થયું તેના મુખ્ય પાત્રમાં નાના પાટેકર છે. એ ફિલ્મ વિષે જ બે શબ્દ કહેવા છે.

કિંવદંતી પ્રમાણે ડૉ. શ્રીરામ લાગુને જ્યારે અદાકારી માટે કહેણ મોકલાવ્યું ત્યારે બધા વિમાસણમાં હતા. એમની ફી સૌથી વધુ. એક પ્રયોગના ૧૦૦-૧૨૫ તે જમાનામાં ઘણા. બધા નાટકની કથાવસ્તુ જોઈ ડૉ. લાગુએ

કહ્યું, ‘ફી કાયભી દીલી ચાલેલ. હ્યા નાટકાત કામ કર્યાચા આહે.’

એ બધી વાત થઈ તવારીખની. સિનેમામાં નાના પાટેકરે જે અજબગજબની ભૂમિકા ભજવી છે તે જોઈ છક થઈ જવાય. મારફાડ માટે સિનેમામાં પ્રખ્યાત પાટેકર આવો અદાકાર થઈ શકે !

કથાવસ્તુ કંઈક આવી છે. એક જાંબાઝ કલાકાર પોતાની ઉત્તરવયમાં રસ્તે રખડતો થયેલો. જ્યાં કામ કરતો એ ખંડિયેર થઈ ગયેલા નાટ્યગૃહમાં પહોંચે છે. ત્યાં બધી કથા ફ્લેશબૅકમાં કહેવાઈ છે.

રંગકર્મી નાટકનું મુખ્ય પાત્ર ભજવે છે. નામ ને દામ કમાવી આલીશાન મકાનમાં સુખરૂપ રહે છે. દીકરો ને દીકરી સંતાન. પૌત્રી તરફ વધુ માયા. વધુ લાડ લડાવે ને દાદા-દાદી રાજીના રેડ થઈ જાય. પુત્રવધૂને ઓછું ગમ્યું. એમને બીજા બંગલામાં જવાનું કહે છે, જે પતિ-પત્ની સ્વીકારે છે. છેવટે દીકરીના ઘરે વયોવૃદ્ધ વયે રહેવા જાય છે. સરતચૂકથી પૈસાની ચોરીનો ખોટો આરોપ એમની પુત્રી જ મૂકે છે. હકીકત સમજાય છે ત્યારે દીકરી બહુ અફસોસ કરે છે. ઘર ન છોડવાનું કહી બારણું બંધ કરી દે છે. પતિ-પત્ની બે જોડી કપડાં લઈ બારી વાટે બહાર કૂદી પડી મેઘલી રાતે રસ્તા પર આવી જાય છે. વરસતા વરસાદમાં એક ટ્રક ડ્રાઈવર એમને બેસાડે છે. ગાડી ચાલે છે ને બન્નેની સ્નેહગોષ્ઠી ઊભરાય છે. પત્ની માટેનું સંબોધન ‘સરકાર’ વારેવારે આવે છે. રસ્તામાં સરકારને જરા તાવ જેવું લાગે છે. એક ગામ આગળ ઊતરે છે. ફૂટપાથ પરની કોઈ ઝૂંપડીમાં એક આદમીની બાજુની ખાલી જગામાં સૂઈ જાય છે. સવારે ઊઠે છે ત્યારે ‘સરકાર’ પરલોક સિધાવી ગઈ હોય છે. હૃદયફાટી પડે એવું આક્રંદને ગામલોકોના સહકારથી અગ્નિદાહ.

છેવટે બધા આવે છે. ઘરે આવવાનું દીકરી કહે છે, પણ બાપ ના પાડી અહીંતહીં ભમતો રહે છે. એના હૃદયમાંથી જે દુ:ખ વ્યક્ત થાય છે તે બને છે એક બેનમૂન કાવ્ય. ‘કોણી ઘર દેતા કા ઘર’ ફિલ્મ (નાટક) ઉત્તરાર્ધમાં નાના પાટેકરે જે ભૂમિકા ભજવી છે તે અદાકારીના ઉચ્ચતમ શિખર સર કરે છે. પતિ-પત્ની વચ્ચેનો સ્નેહ, પત્નીને પ્રેમાળ સ્વરે સંબોધાતું સરકાર, ખાસ કરીને ખટારામાં બેઠાબેઠા એમની પ્રેમભરી વાર્તાને નજદીકી, સરકાર સરકી જાય છે ત્યારનું આક્રંદ ને છેવટનો વિલાપ-રસ્તે રખડતાં રખડતા એના હૃદમાંથી સરી પડે છે શબ્દ ‘કુણી ઘર દેતા કા ઘર’ એ માણાવું જીવનનું સંભારણું બની રહે છે.

નાટકની દુનિયા, એના કલાકારોને એમની જિંદગીનું અતિવાસ્તવભર્યું બયાન (નાટક) સિનેમામાં બધ થયું છે. દિલોજાન દોસ્તો નાટકનો નાયક - અહીં નાના પાટેકર ને અન્ય નાનો રોલ ભજવનાર નટ વિક્રમ ગોખલેની પત્નીનું અવસાન થાય છે. એકલો થઈ મદીરાને શરણે જાય છે. તેની મોડીમોડી

ખબર કાઢવા નાના પાટેકર એના ઘરે જાય છે ત્યારે પેલો નશામાં ચકચૂર હોય છે. સીધી પાટેકરને એક જોરદાર થપ્પડ મારી દે છે. પાટેકર કંઈ બોલતો નથી. બન્ને છેવટે મદીરામાં મહાલે છે.

અલબત્ત, નાટકની કથા સેકસ્પીયરના નાટક જ્યુલિયસ સીઝરની યાદ વારંવાર દેતી રહે છે. સીઝરના પ્રખ્યાત શબ્દો 'બ્રુટસ યુ ટુ?' Brutus you too.! જેવું પણ છે. 'ઘર દેતા કા ઘર' હૃદય હચમચાવે એવી કૃતિ.... છે. પડદા પર પાટેકર ખરેખર દિલ હચમચાવી જાય છે. એ કાવ્ય ને એનો ભાવાનુવાદ સુજ્ઞ વાંચકોને ગમશે એ આશાએ અહીં મૂકયો છે.

*કુણી ઘર દેતા કા ઘર?*
*એકા તુફાનાલા*
*કુણી ઘર દેતા કા ઘર?*
*માણસાચ્યા માયે વાચૂન દેવાચ્યા*
*દયે વાચૂન*
*જંગલાત જંગલાત હિંડતે આહે*
*જેથૂન કુણી ઉઠવનાર નાહી*
*અશી જાગા ધંડત આહે*
*કુણી ઘર દેતા કા ઘર ?*
*ખરચં સાંગતો બાબાંનો*
*તુફાન આતા થકૂન ગેલંય*
*ઝાડાઝુડપાંત ડોંગર દર્યાત*
*અર્ધ અધિક તુટન ગેલંય*
*સમુદ્રાચ્યા લાટાંવરતી*
*ઝેપ ઝૂના ઘેઉન ઘેઉન*
*તુફાન આતા ખચલં આહે.*
*તુફાનાલા મહેલ નકો*
*રાજવાડયાચા સેટ નકો*
*પદવી નકો, હાર નકો*
*થૈલી મધલી ભેટ નકો*
*એક હવં લહાન ઘર...*

*કોઈ ઘર આલો, કોઈ ઘર ?*
*એક વંટોળિયાને*
*કોઈ ઘર આલો કોઈ ઘર ?*
*માનવીના પ્રેમ ને દેવની*
*દયાથી બચી*
*જંગલોના જંગલમાં રખડું છું*
*જ્યાંથી કોઈ ઉઠાવનાર નથી*
*એવી જગા શોધું છું*
*કોઈ ઘર આલો, કોઈ ઘર?*
*ભાઈઓ હું સાચુંજ કહું છું*
*આ વંટોળ હવે થાકયો છે*
*જંગલો ને રાનો, ડુંગર ને દરિયો રખડી*
*અડધાથી વધુ તૂટી ગયો છું*
*સમુદ્રનાં મોજાં પર*
*અહીં તહીં ઊડી ઊડી*
*આ વંટોળ હવે હતપ્રભ થયો છે*
*આ વંટોળ ને મહેલ નથી જોઈતો*
*રાજદરબારની જાહોજલાલી નથી જોઈતી*
*ન પદવી, ન ફૂલહાર*
*ન થેલી કે ન ભેટ-સોગાદ*
*જોઈએ છે એક નાનકડું ઘર.*

*(સદ્‌ગત લિખિત સાહિત્ય-સંચયમાંથી સાભાર)*

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાર્ટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# ગંધ એ ગુણસુંદરી છે

ડૉ. ગુલાબ દેઢિયા

ગંધ એ તો ગુણસુંદરી જેવી છે. એ પોતાનું કામ કરતી રહે, પણ વર્તાય નહીં. એ સ્વભાવે લજ્જાળુ છે. અમુક ગંધ જો કે બોલકી હોય, દૂરથી જ આપણું નાક ખેંચે. આપણે ગંધ સાથે મોટે ભાગે એવો સંબધ રાખ્યો છે કે આ સુગંધ અને આ દુર્ગંધ. રાજાની બે રાણી, એક માનીતી ને બીજી અણમાનીતી. બે ખાનાં માં બેસે એવી ગંધ તો થોડીક, બાકીની ન પુરાય એ જ ઘણીબધી. આમેય પુરાવું એ ગંધનો સ્વભાવ નથી. પ્રગટે તે પુરાય કેમ?

જમવામાં અથાણું હોય તો એનો સ્વાદ ભલે માણીએ, પણ એની આછી ગંધ આંગળીઓને ટેરવે વાસ કરે છે. ટેરવાં અમસ્તાં જ નાક લગી પહોંચે તો પેલી અથાણાની રસાયેલી ગંધ ઘ્રાણેન્દ્રિયને મળે. વર્ષો પહેલાં ખેતરમાં બાજરાના રોટલા ને કેરીનું અથાણું ખાધું હતું. એ ગંધ હજી ટેરવે ઝૂલે છે. એ સ્મરણ થતાં ક્યારેક ટેરવા નાક લગી પહોંચી જાય છે.

ઘણીખરી વનસ્પતિમાં ગંધ હોય જ છે. એની પાસે જઈને સૂંઘવું પડે. સીમસેડે વનવગડેથી નીકળીએ, તડકો તપ્યો હોય. એકલા એટલે જાત સાથે હોઈએ તો વેલાં, છોડ, ઘાસ, ઝાડવાંની નોખીનોખી ગંધમંડળીઓ વાટે મળે. સમૂહ સ્વરમાં ગવાતાં ગીતમાંથી એક કંઠને અલગ ન તારવી શકાય તેમ એક વાસ જુદી ન મળે. નામ પણ ન પાડી શકીએ એ મોટી મજા. ખાનાં પાડનારી બુદ્ધિ પોતે ખાનામાં આવી જાય!

બસ ચાલતાં રહેવું. ગંધનો સંગમ સ્મરણીય બની રહે.

ઉનાળાના દિવસો હતા. હું અમારે ગામથી પાસેના ગામ જઈ રહ્યો હતો. મધ્યાહ્નનો તાપ હતો. વગડો નીરવ નિર્જન જેવો હતો. એક પછી એક પરિચિત વાડી પાસેથી પસાર થતો હતો. એક વાડી પાસે જુદો જ અનુભવ થયો. જુવારની વાડને પાણી પાયું હતું. બપોરે એ મસ્ત લહેરાતી લીલીછમ જુવારની સુગંધ માણી તે શબ્દાતીત હતી. અવર્ણનીય આનંદની અનુભૂતિ હતી. એ મહેકનો કેફ હજી મનમાં છે. એ મોલ અને મારી વચ્ચે કાંટાળી વાડ હતી, પણ પરિમલને શું નડે? મારી બારેક વર્ષની કિશોર વયે થયેલ એ ગંધનું વશીકરણ હજી આનંદના સેલારા દઈ જાય છે.

લીલીછમ લહેરાતી જુવાર નહિ, કેડ સમી લહેરાતી મીઠી સુગંધ મનને ભરી દે છે.

ચીભડાં પાકે કે મહેકી ઊઠે, બોલકી ગંધ ઘર ગજવી દે. ઘરે આવનાર સૌને જાણ થાય કે આરિયામાં, શીકામાં સક્કરટેટીની હાજરી છે. બોર અને જામફળ પણ બોલકાં વળી. માટલામાં રાખેલ ચણીબોરને અમે કદાચ વીસરી જઈએ, પણ એની ગંધ સાદ પાડ્યા વગર ન રહે.

વ્યક્તિએવ્યક્તિએ સાંજનાં જુદાંજુદાં સ્મરણો. સાંજ કોને યાદ ન આવે. અનેકઅનેક સાંજો નોખાંનોખાં કારણે સ્મરણમાં ખીલતી રહે છે. ઘરમાં સાંજે ફાનસની તૈયારી થાય. એની કાચની ચીમની જેને અમે ‘ફોટો’ કહેતા તે રાખથી સાફ કરવામાં આવે, વાટનો મોગરો ઉતારે. ફાનસમાં ઘાસલેટ ભરવામાં આવે, સાત સાવધાની રાખો તોય શુકન પૂરતું પણ ઘાસલેટ ઢોળાય જ. એ ઘાસતેલની ગંધ સાંજ સાથે જોડાયેલી છે. પાણી અને ઘાસતેલનું મળવું, હાથ સાફ કરવા જતાં સાબુ ઝટ કારગત ન નીવડે. એ કેરોસીન પાસે તો પાતાળલોકની ગંધ. અગણિત વર્ષોની પૃથ્વીના પેટાળમાં થયેલી પ્રક્રિયાનું એ પરિણામ.

કડવા લીંબડાની ગંધ કયાંથી આવે ? જેઓ ક્યારેક જ બકરીનું દૂધ પીએ તેને એ કડવી ગંધનો અનુભવ થાય ખરો. લીંબડાનો ખરો ભોગી ઊંટ. ઊંટના શ્વાસોચ્છ્વાસ અને સમસ્ત દેહમાંથી લીંબડાની ગંધ આવે. એની જિંદગી અતિ શ્રમ ભરેલી અને ભોજનમાં પણ કડવા રસનું પ્રાધાન્ય. એ તો લીંબડાની ગંધનું આવરણ ઓઢી ફરતો રહે છે.

નગરમાં નાક સાચવવું દુષ્કર હોય છે. શ્વાસ માટે તાજી, નિર્મળ, ધુમાડારહિત હવાનાં ફાંફાં. વસ્તુઓ કાં તો નિર્ગંધ હોય અથવા સુગંધ કે દુર્ગંધ એટલી તીવ્ર મળે કે નાક દબાવી ભાગવું પડે. સદ્‌ભાગ્ય હોય તો જ શહેરમાં કશુંક સહજ મળે. કોઈ પણ વાસની અતિ માત્ર પજવનારી બની રહે છે. ગંધ તો અલપઝલપ સારી. જેમ દૂરદૂરથી સંગીતના સ્વરો આવતા હોય, અર્ધા કર્ણપટે ઝિલાય, અર્ધા પવન સંગે વહી જાય. એમને ઝીલવા કાન સરવા કરવા પડે તેમ જે ગંધ માટે ઘ્રાણેન્દ્રિયને સરવી કરવી પડે એની મજા નોખી.

શ્રમિક કામ પાર પાડવા એટલો શ્રમ કરે, તન-મનની બધી શક્તિ કામે લગાડે. કામ પાર પડે સાથે દેહમાંથી પ્રસ્વેદનાં મોતી પ્રગટે. શ્રમિક મધ્યાહ્‌ને પોરો ખાવા બેસે ને કપાળ પરનો પરસેવો લૂછે ત્યારે હાશનો ભાવ નીરખવા જેવો હોય છે. કામ નાનું કે મોટું પાર પડે એટલે મનને ઉત્સવ. સૂર્યની પ્રતીક્ષામાં રજની ખડે પગે ઊભી રહે ત્યારે તો સવારે એનો પરસેવો તુષાર બિન્દુ બનીને ઝગમગે છે. સૂર્ય એની કદર કરે છે એ ઝાકળના મોતીમાં પ્રવેશ કરીને (‘ઝાકળબિન્દુ’ કાવ્ય યાદ આવે

છે ને!) દરેક ઝાકળબિન્દુને એકએક બાળરવિ મળે છે, જેમ પ્રત્યેક ગોપીને એકએક ક્હાન મળ્યા હતા રાસલીલામાં.

સોક્રેટીસ શ્રમિકોને મળતા . કારીગરોના પાડામાં જતા. એમની સાથે બેસતા-ઊઠતા. એમનાં કામકાજ જોતા. પોતાની વાતોમાં શ્રમિકોનાં ઉદાહરણ ટાંકતા. એટલે તો સોક્રેટીસના કોઈ ઉજળિયાત ટીકાકારે નાકનું ટેરવું ચડાવીને કહેલું, 'એની વાતોમાં તો ચામડિયા લુહાર, વસવાયોની વાતોની ગંધ આવતી હોય છે.'

શ્રમિકોના દેહમાંથી એમનાં કામકાજના વ્યવસાયની ગંધ પ્રગટતી હોય છે. પરસેવાથી ડરતા, પરસેવાને સંતાડતા, કૃત્રિમ સુગંધથી ઢાંકતા ઊજળા વરણના લોકો પરની સેવા લે, પણ પરસેવાનું મૂલ્ય વિસારે. અનાદર કરે. પરસેવો છૂટે અને પરસેવો પાડીએ એમાં સો જોજનનું છેટું. ગરમી સહન ન થાય ત્યારે પરસેવો પડે અને શરીરને કામે લગાડીએ ત્યારે પરસેવો પ્રગટે. આપણી ભાષાએ એવા પરસેવાને પર સેવાનો કરજજો દીધો છે.

શિશુના કોમળ દેહમાંથી દૂધની સૌરભ ઊઠતી હોય છે. નિર્દોષતા, વાત્સલ્ય અને સહજતાનું કેવું રૂડું પ્રયાગ રચાય છે! મને દૂધની ગંધ યાદ રહી છે તે અમારા જુસબ ગોવાળનાં આંગળાંની. સવાર–સાંજ ગામભરની ગાયો દોહતાંદોહતાં એનાં આંગળાંમાં, વસ્ત્રોમાં દૂધવાસ રહી જતી. ગાય દોહવાય ત્યારે બોઘરણે ઊભરાતી ફીણમાંથી પમરતી દૂધગંધ અહીંતહીં પ્રસરતી. સવાર-સાંજને નવો અર્થ મળતો. દૂઝાણું હોય ત્યાં આ ગંધ માણવાનો અધિકાર મળે. પ્લાસ્ટિકની કોથળીમાં કેદ દૂધ ક્યાં પમરે!

કેટકેટલી ગંધસુંદરીઓ અનામિકા છે. નાક ઓળખે. મન જાણે, પણ જોઈ ન શકીએ. ન કહી શકીએ. નામાતીત, દર્શનાતીત અને શ્રવણાતીત.

માણસના આહારની ગંધ તો એના શ્વાસ કે પ્રસ્વેદમાં ઝલકે છે, પણ એના મનોભાવની ઝલક એની દેહગંધમાં આવતી હશે શું! અતિ ક્રોધી તાપસ દુર્વાસાના ક્રોધની દુરવાસને લીધે જ એમને દુર્વાસા કહેવાની કલ્પના કોઈએ કરી હશે.

રત્નાગિરિ, સાંગલી વગેરે મહારાષ્ટ્રના લીલાછમ પ્રદેશના વતનીને મુંબઈમાં પણ ફણસ મળી જાય તો એ ખુશખુશાલ થઈ જાય. ફણસની અતિ તીવ્ર મીઠી ગંધ અજાણ્યાનું તો માથું ભમાવી દે. પણ બચપણથી જ એ ગંધમાં જેણે શ્વાસ ભર્યા હોય એને તો એ વતનની, ઘરની, ગામની, વાડાની, વાડીની, કુટુંબની સગી ગંધ લાગે. ફણસની ગંધ એનો વતનજાતર કરાવી દે. કેરીની સુવાસ પણ એની મીઠાશને ખાધા પહેલાં મનને પહોંચાડી દે.

મારો એક વિદ્યાર્થી વર્ગમાં પત્ર લખતી વખતે પોતાના ઘરનું સરનામું ‘ચંપા નિવાસ’ ને બદલે ‘ચંપાની વાસ’ કરતો હતો. એની ભૂલમાં પણ પુષ્પની સુગુંધ તો હતી જ.

એક વખત પરીક્ષામાં મારે ‘કરમાયેલાં ફૂલની આત્મકથા’ એવો નિબંધ લખવાનો આવેલો. મે મહિનાની ગરમી, ધોમ બપોરનો સમય, રૂઈયા કૉલેજનો વિશાળ પરીક્ષાખંડ, નીરવ શાંતિ અને આગળની પાટલીએ બેઠેલ કન્યાએ કેશમાં ગુંથેલ મોગરાની વેણીએ મઘમઘાટની નકલ કરી પરીક્ષામાં.

શ્વાનને તીવ્ર ગંધગ્રાહક કહીએ છીએ. રાતના નિઃસ્તબ્ધ વાતાવરણમાં કૂતરો પોક મૂકીને રડતો હોય એવું ભસે તેને અપશુકન મનાય. લોકો એ ભસતા શ્વાનને ભગાડી દે. રાતે કૂતરો પદરવ તો સાંભળી લે, પણ એને ત્યારે મોતની ગંધ આવતી હશે, મોતને પણ પોતાની નોખી વાસ હશે ? મોત શું શ્વાનને ગંધગોચર હશે. મોતનું આવવું અથવા એમ કહીએ કે દેહમાંથી આત્માનું જવું ગંધ મૂકી જતો હશે. માણસ પોતાની સુવાસ મૂકી જાય છે એમ કહીએ છીએ ને ! સૌરભ મૂકી જતા માણસો જતા રહે છતાં જતા નથી. આપણા સ્મરણક્યારામાં જીવે છે.

વર્ષો પહેલાં રબ્બરના ચંપલની વપરાશ ઓછી હતી. બચપણમાં પહેલી વાર રબ્બરનાં નવા સ્લીપર પહેર્યાં ત્યારે, પહેર્યાં પહેલાં એકાદ દિવસ તો એ રબ્બરની અજબ ગંધ માણી હતી. પેન્સિલનું લખાણ ભૂંસવા જે સુગંધી રબ્બર વપરાય છે તે ફરીફરી સૂંઘ્યાનું યાદ છે. વડીલોને કેટલીય વસ્તુઓને સૂંઘીને એની ગુણવત્તાનો ક્યાસ કાઢતા જોયા છે.

સાંજ નમે અને ત્રિકાળ ટાણે લોબાનની ગંધ ધૂણતા ભુવા અને ધૂમાડાનું ચિત્ર ઉપસાવે છે. ડાકલાં, નગારાં અને માટલી પર મૂકેલી થાળી વાગતાં હોય એ અવાજ, આખા વાતાવરણમાં ભયપ્રેરિત કૌતુક રહેતું.

આપણી નાસિકા હજારો ગંધને અલગ તારવી શકે છે. આમ્રમંજરીની ગંધ મીઠી, આમલીનાં ફૂલની ગંધ જુદી, લીમડાની મંજરીની ગંધ જુદી અને મહેંદીની મંજરીની કડક વાસ તો સાવ જ જુદી.

દાદીમા દર વર્ષે તમાકુના આખાં પાન મંગાવતાં. ચીમડાયેલાં, તરત ભૂકો થઈ જાય તેવા ઘેરા બદામી રંગનાં એ પાન જાતે ખાંડીને તપખીર બનાવતાં. એ બે દિવસ તો તપખીરની ગંધ અમને ખરી પજવતી. તેવી જ રીતે પોટાશની ગોળીઓ બનાવી દિવાળી વખતે ફોડાતા એ પોટાશની વાસ અને ધ્રૂમસેર દિવાળીના પર્વ સાથે જોડાયેલી છે.

રોજની જાણીતી ગંધ આકર્ષણ ગુમાવે છે, પણ વિશિષ્ટ ગંધ અજ્ઞાત ખૂણેથી ભેટી જાય તો બંધ સ્મૃતિખંડ ઊઘડી જાય છે.

તાજાં લીંપેલાં ઘરની ગંધ છાણ-માટીની હતી. ઓકળીઓના આકાર, એનું ખરબચડાપણું અને એ ગંધ ઘરની ભોંય સુધી લઈ જાય છે. ખેડૂતને પૂછજો. સૂકા છાણિયા ખાતરની ગંધ પણ માદક હોય છે. ખાતર એટલે દુર્ગંધ નહિ જ. માટીના એક ઢેંફાની પણ પોતાની આગવી વાસ હોય છે.

ઊડતી નજરે નહિ, પણ ફરતા નાકે સૂંઘીએ તો જુદીજુદી ગંધ ક્યાં નથી ! નવા પુસ્તકની ગંધ પહેલાં નાક પી લે, હાથ સ્પર્શના શ્રી ગણેશ કરે અને પછી આંખો બધું સંભાળી લે. બંધ ઘરની વાસ, નવાં કાપડની વાસ, ઘરના ઘીની વાસ, દરિયા પરથી આવતી ખારી વાસ, વરસાદ પહેલાં બદલાયેલા પવનની વાસ, પલાળેલા મગ મઠની વાસ, મંદિરની પરિચિત ચંદન સુવાસ, હૉસ્પિટલની ઍન્ટિસેપ્ટિક દવાઓની વાસ, લાકડાંના વહેરની વાસ, નવી માટલીના પાણીની વાસ, મને ગમતી પેટ્રોલ અને સ્પિરિટની વાસ, મહાજન વાડી જ્યાં નાતના જમણવાર થાય ત્યાંથી ઊઠતી બુંદીની મહેક, ઘરમાં રંધાતા શીરાની મહેક, સ્વજનના દેહની ખાસ અંગત ગંધ, દિવસે નવોઢાની જેમ નજરે ન ચડે એ જ ડોલર, રાતરાણી જેવા પુષ્પો રાતે રસ્તો રોકી લે છે.

કાઈને ઠપકો દેતાં કહીએ છીએ કે 'તને નાક નથી.' મને લાગે છે કે ત્યાં અર્થ કરવો જોઈએ કે તને ગંધની પરખ નથી. દર્શન, શ્રવણની ક્ષીણતા છતી થાય છે. કદાચ જીવનભર ઘ્રાણશક્તિમાં ક્ષીણતા નહિ આવતી હોય. માત્ર આપણે બેધ્યાન રહેતા હોઈશું એટલું જ.

વાયુમંડળમાં પ્રકાશના તરંગ પ્રસરે છે, અવાજના આંદોલન ઊઠે છે, તેમ ગંધના અણુ-પરમાણુ પ્રસરતા હશે. સંગીત અને રંગની જેમ ગંધને કોઈ સપ્તકમાં બાંધી શકે ખરું ! જ્યારે આંખ, કાન, ટેરવાં અને જીભ ચારેય જ્ઞાનેન્દ્રિયો મૌન પાળે અને એકલું નાક ગંધને માણતું રહે ત્યારે મન ક્યાંય દોડી ન જતાં એકાગ્ર થઈ જાય છે.

ફરસીનો બાબા શબ્દ સંત, વડીલ માટે વપરાતો માનસૂચક શબ્દ છે. બાબુ શબ્દ છે. બાબુ શબ્દ તેના પરથી આવ્યો હશે, પરંતુ દરેક માણસ 'બાબુ' છે જ! જેની સાથે બૂ તે બાબુ. દરેક માનવી પોતાની બૂ લઈને વિચરે છે.

જેની પ્રતીક્ષામાં તપ તપીને વ્યાકુળ થઈ ગઈ એ વાલમ મેહુલો આવ્યો ત્યારે ધરતી એને ફૂલ ધરવા, લીલુડો રંગ ધરવા ઈચ્છતી હતી, પરંતુ વ્યર્થ, કંઈ જ ધરતીવગું નહોતું. છેવટે પિયા મિલનનો ઉત્સવ ધરતીએ પોતાના દેહરૂપ ઉપેક્ષિત ધૂળ-માટીથી મનાવ્યો. મેહુલો ભેટ્યો ને જે માટીની મહેક પ્રગટી તે સૃષ્ટિની શ્રેષ્ઠ, અજોડ સુંગધ બની રહી. ખુશબો પ્રગટે પણ તે માટે લગન ધરતીની જોઈએ.

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

સાક્ષર ગુજરાતથી મહદ્ અંશે ઓઝલ

# કચ્છ પત્રકારત્વની પહેલી સવા સદી

**પ્રવીણચંદ્ર શાહ**

ઑગસ્ટ ૧૯૪૭ની ૧૪મી - ૧૫મીની મધ્યરાત્રિથી બ્રિટિશએડી હેઠળથી આપણો દેશ તો આઝાદ થયો હતો, પરંતુ વિધાતાએ દેશી રાજ્ય કચ્છ માટેના કઠિન લેખ કંઈ જુદી રીતે લખ્યા હશે... એટલે કચ્છ અને કચ્છીઓની મુક્તિ, ઑગસ્ટ '૪૭ પછીના ૧૧ મહિના બાદ ૧લી જૂન ૧૯૪૮ના અમલી બની હતી.

ઑગસ્ટ '૪૭ પછીના પાંચપાંચ મહિનાઓ સુધી પણ કચ્છના દેશી રાજ્યમાં જાહેર સરઘસની બંધી હતી. જાહેરસભા ભરવા પર પ્રતિબંધ હતો. કચ્છના રાજવહીવટ માટે જાહેરમાં ટીકાકારક અભિપ્રાય ઉચ્ચારવો કે વહીવટ સુધારાની વિનંતી કે માગણી કરવી તે કચ્છરાજ્યની દૃષ્ટિએ ગંભીર ગુનો બનતો હતો. આવા 'ગુના' આચરનારાઓને કચડી નાખવા, નાબૂદ કરવા રાજ્યના પિનલકોડમાં કલમ ૫૭-અ જેવી વિવિધ આકરી જોગવાઈઓ હતી. કચ્છરાજ્યનું વહીવટીતંત્ર, ન્યાયતંત્ર, પોલીસ અને જેલતંત્ર હંમેશાં ખડે પગે તૈયાર રહેતાં. કચ્છની '૪૮ પહેલાંની છેલ્લી રાજવી પેઢીઓએ એમનાં ૭૦-૮૦ વરસો આવી જોહુકમીનો નિર્દય અમલ કરતા રહેવામાં પાછીપાની કરી નહોતી.

કચ્છનાં દેશી રજવાડાંના અંધેર, પ્રજાપિડક અને વહીવટી ભ્રષ્ટાચારથી ખદબદતા તંત્ર પાસેથી ન્યાયી-સુવહીવટની અપેક્ષા વ્યક્ત કરવા માટે, કચ્છની કચડાયેલી રાંક રૈયત માટે પ્રજાકીય વર્તમાનપત્રો કે એકાદ નામની સંસ્થા સિવાય બીજું કોઈ જ સાધન નહોતું, પણ પ્રજાકીય વર્તમાનપત્રો સામે તો કચ્છની રાજ્યસત્તાને માત્ર નાપસંદગી જ નહીં, ભારે સૂગ હતી. આવી નાપસંદગી અને સૂગ, વધતાં વધતાં તિરસ્કાર, કિન્નાખોરી અને ઝનૂની વૈમનસ્યમાં બદલાઈ ચૂક્યાં હતાં. આમાં પણ ઈ.સ. ૧૮૭૫-'૮૦ થી ઈ.સ. ૧૯૪૨ વચ્ચેનાં ૬૦-૬૫ વરસો સુધી કચ્છ ઉપર એકચક્રી શાસન ભોગવનાર મહારાઓ ખેંગારજી (ત્રીજા)એ તો રૈયત-પોકાર રજૂ કરનારાં કચ્છ માટેનાં અખબારો કે એના તંત્રી-પ્રકાશકોને ક્રૂરતાથી કચડી નાખવાના અનેકવિધ વિક્રમો સજર્યા હતા. મહારાઓ ખેંગારજી (ત્રીજા)નો જ શિરસ્તો એમના પછીના વારસદાર મહારાઓ વિજયરાજજીએ એમનાં ૬ વર્ષના રાજવીપદ દરમ્યાન સંભાળ્યો હતો.

દેશી કચ્છરાજ્યના વહીવટીતંત્રે કચ્છ કેન્દ્રિત પત્રકારત્વને ટૂંપી રાખવાનાં નીતિ,

વલણ અને વર્તનની પરાકાષ્ઠા તો ત્યાં સુધી પહોંચાડેલી કે વર્તમાનપત્રો જ નહીં, પણ તે છાપવાનાં મશીન પણ કચ્છમાં લાવવાને કે બેસાડવા કે ઈમ્પોર્ટ કરવા ઉપર પણ પ્રતિબંધ ઝીંકી રાખેલો. માત્ર પ્રિન્ટિંગ મશીન લાવવા પર કે વર્તમાનપત્રનું પ્રકાશન કરવા ઉપર તો પ્રતિબંધ હતા જ, પરંતુ તેથીય વધે તેવું કચ્છમાં, કચ્છ બહારથી ટપાલ દ્વારા આવી શકતાં ન્યૂઝપેપરો, સામયિકો કે પુસ્તકો મંગાવવા માટે પણ કચ્છ રાજ્યની અ-ગા-ઉ-થી પરવાનગી અને સંમતિ મેળવવાનું પણ જરૂરી હતું! આમાં તે અરસામાં બ્રિટિશ-માલિકની કંપની, જે બ્રિટિશ ટેકેદાર હતી, તેમાં 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' અપવાદરૂપ હતું. બહુ પછીનાં વર્ષો, એટલે ઈ.સ. ૧૯૩૦-'૩૫ પછી આવા પ્રતિબંધોને બહુ ધીમેધીમે હળવા કરાતા ગયેલા, પરંતુ માત્ર કચ્છકેન્દ્રિત પત્રો તરફની નાપસંદગી અને સખતાઈનો છેક ઈ.સ. ૧૯૪૭-૪૮ સુધી લંબાયા કરેલી. આમ છતાં કચ્છના પત્રકારો અને પત્રકારત્વે કચ્છરાજ્ય સાથેના લગભગ ૬૦ વર્ષોનો મુકાબલો કચ્છ બ-હા-ર-થી પત્રો પ્રકટ કરીને કચ્છની જનતાની જબાન બનતા રહેવાનું ધૈર્ય, જોખમ, સાહસ અને ઝુંબેશની મશાલ જલતી જ રાખ્યા કરેલી.

મુંબઈથી એ અરસામાં પ્રકટ થતાં સમાજ-સુધારાવાદી સાપ્તાહિક મૅગેઝીન સામેના ('સત્યપ્રકાશ'સામેના) 'મહારાજ લાયેબલ કેસ' અને 'ભાટિયા કોન્સ્પીરસી કેસ' તરીકે મશહૂર થયેલા ઐતિહાસિક ખટલાઓમાં 'સત્યપ્રકાશ'ના ધૈર્યવાન, પ્રગતિશીલ, સુધારાવાદી તંત્રી કરસનદાસ મૂલજીને નિર્દોષ ઠરાવી મુક્ત કરતા ઐતિહાસિક એપ્રિલ ૨૨, ૧૮૬૨વાળા તે વખતની મુંબઈ ઈલાકાની સુપ્રીમ કોર્ટના બ્રિટિશ જજ સર જોસેફ આર્નોલ્ડે એમના વિદ્વતાસભર ચુકાદામાં કહેલું:

*''.... પત્રકાર એક લોકશિક્ષક છે. પત્રકારત્વનો મૂળભૂત સાચો ઉદ્દેશ જ સમાજશિક્ષણ છે. પત્રકાર અને તેનાં પત્રોની અસર હેઠળ આવતાં બધાને નવું શિક્ષણ આપવું, ઊર્ધ્વગામી બનાવવા, નવી દિશા અને નવી દૃષ્ટિ આપવાં, એ જ તો પત્રકારધર્મની આધારશિલા છે. આજના આધુનિક યુગમાં પત્રકારત્વ એક બ્રહ્માસ્ત્ર તરીકે વિકસવાના પાયામાં સાચું લોક-પત્રકારત્વ જ છે...''*

આ જ સિધ્ધાંતની વાત મહાત્મા ગાંધીજીએ પણ એમના પુસ્તક 'હિંદ સ્વરાજ'માં (ઈ.સ. ૧૯૦૯) પણ સહી ઢંગથી દોહરાવી હતી. એમણે લખેલું કે:

*''.....છાપાનું કામ લોકોની લાગણી જાણવી અને તેને પ્રકટ કરવી, એ એક છે. બીજું કામ લોકોમાં અમુક લાગણીઓ જરૂરની હોય તે પેદા કરવી, એ છે ને ત્રીજું કામ*

*લોકોમાં એબ હોય તો તે ગમે તેટલી મુસીબતો પડે તોપણ બેધડક થઈને બતાવવી...''*

છેક ઈ.સ. ૧૮૯૦ થી ૧૯૪૮ દરમ્યાનના ઘણા સાહસિક અને પરાક્રમી કચ્છી પત્રકારોએ અત્યંત વિપરીત પરિસ્થિતિમાં પણ કચ્છકેન્દ્રિત પત્રકારત્વનું ખેડાણ કર્યું. માત્ર આર્થિક અને રાજકીય પરેશાની જ નહીં, તબાહી પણ ભોગવી; પણ હંમેશાં લોકહિતના પત્રકારાત્વના ઉચ્ચ આદર્શોને જ નજર સમક્ષ રાખ્યા કર્યા, તેનો ઊંડો આત્મસંતોષ કચ્છ અને સમગ્ર ગુજરાતનું પત્રકારત્વ સદૈવ લઈ શકશે.

કચ્છીઓ દ્વારા ખેડાયેલાં પત્રકારત્વની ભાષા સ્વાભાવિક રીતે જ ગુજરાતી રહી છે, પણ યાદ રાખવા સરખું છે કે, કચ્છના પત્રકારો એ ગુજરાતી ઉ-પ-રાં-ત અંગ્રેજી, હિંદી, મરાઠી અને મલયાલી ભાષામાં પણ અખબારો, સામયિકો પ્રકાશિત કર્યાં છે.

સવાસદીથી વધુ વરસોની બહુ મુશ્કેલ મજલ ખેડી ચૂકેલા કચ્છ-પત્રકારાત્વને મુખ્યત્વે બે સમયખંડમાં મૂકી શકાય. ઈ.સ. ૧૮૯૦ થી ૧૯૪૮ અને ૧૯૫૮ થી હમણાં સુધીનાં વરસો. એ જ રીતે ત્રણ મુખ્ય હેતુ પ્રવાહોમાં અલગ મૂલવી શકાય.

(૧) રાજકીય પત્રકારત્વ (૨) સામાજિક પત્રકારત્વ અને (૩) સાહિત્યિક-સાંસ્કૃતિક પત્રકારત્વ.

આ બન્નો સમયખંડ અને ત્રણેય હેતુ પ્રવાહો વિવિધ રીતે રસપ્રદ રહ્યા હતા અને રહ્યા છે. ખાસ કરીને કૂદકે અને ભૂસકે પલટાતા રહેલા રાષ્ટ્રીય પ્રવાહોના દૃષ્ટિકોણથી પ્રારંભથી માંડી ૧૯૪૮માં કચ્છ રાજાશાહીની ધૂંસરીમાથી મુક્ત થયું ત્યાં સુધીનું કચ્છ કેન્દ્રિત પત્રકારત્વ કોઠાસૂઝ, પહેલક, સાહસિકતા અને ન્યોચ્છાવરી મંડિત પત્રકારત્વ રહ્યું હતું. રૈયત હક્ક-અધિકારો, ન્યાય અને આધુનિકીકરણવાળા રાજ્ય વહીવટની અભિલાષા અને આગ્રહવાળું અને રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહની સાથેના અદમ્ય ઉત્સાહવાળું રહ્યું હતું. દેશી અને વિદેશી સત્તા અને સ્થાપિત શોષણખોર હિતોના લીરા ઉડાડનારું રહેવાની સાથેસાથે વિનય, વિવેક અને આદરની પરંપરાવાળું રહ્યું હતું. રાજકીય, આર્થિક અને સામાજિક પ્રગતિની મહત્વાકાંક્ષા અને ખેવનાસભર રહ્યું હતું. દેશી રાજ્યો સિવાયના બાકીના દેશના વ્યાપક બહુભાષિક પત્રકારત્વની જેમ, ઉચ્ચ આદર્શોની મંજિલે પહોંચવાના ઉમળકાવાળું રહ્યું હતું. દેશ સમસ્તના મુખ્ય સ્ત્રોતમાં એકરસ થવા છતાંય ચુસ્તતમ વતનપરસ્તીને વળગેલું રહ્યું હતું કચ્છીઓની વતનપરસ્તીને કાવ્યમય શબ્દદેહ આપતાં એક ઝિંદાદિલ કચ્છી કવિએ, કચ્છી ભાષામાં દાયકાઓ પહેલાં લલકારેલું:

અસાં જો જી'ણ આય તો'લા
અસાં જો મે'ણ આય તો'લા
વતનજી પાક મીટ્ટીમેં
ખપીને ખાક થિંધાસીં!

(સરળ ગુજરાતી સારાંશ : અય માદરે વતન કચ્છ! અમારી સંપૂર્ણ જિંદગી માત્ર તારા માટે જ છે અને અમારું આખરી મોત પણ માત્ર તારા માટે જ છે, માત્ર તારી જ પવિત્ર માટીમાં જ, અય વતન! અમે ખપી પણ જઈશું ને ખાક પણ થઈશું.)

સહેજ કૌતુકભર્યું લાગે, પણ કચ્છ પત્રકારત્વના પૂર્વસૂરી અને આદ્યપુરુષો તરીકે સદૈવ આદરપાત્ર રહેશે તે કચ્છ-નારાયણ સરોવરના શ્રી દેવજી ભીમજીએ પત્રકારત્વનાં મંડાણ કચ્છમાંથી કે મુંબઈથી નહોતાં કર્યાં, કચ્છી કે ગુજરાતી ભાષામાં પણ નહોતાં કર્યાં. એમણે કચ્છથી ઘણા દૂર કેરાલાના કોચીન શહેરથી કરેલાં. કેરાલાના કોચીનમાં એમણે સૌથી પહેલું પ્રિન્ટિંગ પ્રેસ બેસાડેલું અને ત્યાંથી ઈ.સ. ૧૮૭૦થી મલયાલમ ભાષામાં 'કેરળ મિથ્રમ' પત્ર શરૂ કરેલું. એમણે અંગ્રેજી ભાષામાં 'વેસ્ટર્ન સ્ટાર' અખબાર પણ સફળતાથી ચલાવેલું. જાણે આ ઓછું હોય તેમ, કેરાલાના કોચીનથી મરાઠી ભાષાનું 'કેરલ કોકિલ' સામયિક પણ આરંભેલું અને સફળતાથી ચલાવેલું. એમની કારકિર્દી વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રમાં વિકસાવેલી. સમગ્ર દેશમાં બ્રિટિશ સરકારે તે વખતના શાહીવાદી કંટ્રોલવાળાં પ્રેસ ઍક્ટનો, દેશભરમાં સૌથી પહેલો ફટકો પણ એમના પર વીંઝેલો. કેરળના મલાયલમ પત્રકારત્વના ઈતિહાસમાં આ સૌથી પહેલો કેસ બનેલો, જે કચ્છી સાહસિક દેવજી ભીમજીએ તે વખતના ત્રાવણકોર, કેરાલા અને માયસોરના ગવર્નર જનરલ સુધી પહોંચાડેલો અને તેમાં અંતે વિજયી નીવડેલા. કેરાલામાં એમણે સૌથી પહેલી રોપ (રસી, રાંઢવાં, જાડાં-મોટાં દોરડાં) મેન્યુફેક્ચર કરવાની ફૅક્ટરી સ્થાપેલી. કેરાલાના સુપ્રસિદ્ધ તેજાનાના વ્યાપારની પેઢી પણ સ્થાપેલી અને આ બધું ઓછું હોય તેમ સુવર્ણ-ચાંદીના અલંકારોનો શો રૂમ પણ સ્થાપીને એવો પ્રામાણિકતાથી વિકસાવેલો કે કોચીન અને કોચીન આસપાસના વિસ્તારોમાંથી ગ્રાહકો વિશ્વાસપૂર્વક એમના શોરૂમ પરથી સુવર્ણ-ચાંદીના અલંકારો ખરીદવાનો આગ્રહ રાખતાં.

કચ્છી દેવજી ભીમજી સફળ વ્યાપારી તો બનેલા જ, સાથેસાથે સામાજિક, ધાર્મિક સેવામાં પણ અગ્રીમ રહેલા. એમણે કોચીનમાં મોટું કૃષ્ણ મંદિર બનાવ્યું. એમણે ગુજરાતી શાળા સ્થાપવા ઉત્સાહભેર નાણાકીય મદદ કરી. કોચીન કે તેના પરાંઓમાં ધંધા કે નોકરી કરતા ભાઈઓ માટે સસ્તાં ભાડાંવાળાં મકાનો બાંધયાં. એમણે કોચીન અને લખપતમાં સંસ્કૃત પાઠશાળાઓ પણ સ્થાપી.

કેરાલાના કોચીનના સામાજિક ક્ષેત્રમાં સેવાભાવથી ઘણી આર્થિક મદદ કરી. એમનો સેવાભાવ, વ્યાવસાયિક પ્રામાણિકતા, ઔદ્યોગિક પહેલક અને નિષ્પક્ષ, સંતુલિત પત્રકારત્વની કદરરૂપે ૧૯૮૦માં કેરાલાના ગવર્નરના અધ્યક્ષપદે એમની શાનદાર જયંતી ઊજવાઈ. (શ્રી દેવજી ભીમજીની અત્યંત સફળ કારકિર્દી વર્ણવતો જુદો લેખ મારા વિષયનો આ પુસ્તકમાં સમાવાયેલો છે.)

એ પછીના સાત-આઠ દાયકાઓ દરમ્યાન સંખ્યાબંધ પત્રકારોએ કચ્છ કેન્દ્રિત યા કચ્છીઓ કેન્દ્રિત વર્તમાનપત્રો, સાપ્તાહિક, પાક્ષિક કે માસિક સ્વરૂપે પ્રકાશિત કર્યાં અને એક ઝળહળતી મુદ્રા સ્થાપિત કરી. મૂળ કચ્છી શ્રી હાજી મહમદ અલારખ્યા શિવજીએ ૧૯૧૭-૧૮માં 'વીસમી સદી' નામનું એક અનન્ય, અનોખું ભરપુર ચિત્રમય, કલા અને ઉચ્ચ સાહિત્ય પીરસનારું સાપ્તાહિક માત્ર કચ્છીઓ કેન્દ્રિત જ નહીં, પણ સમગ્ર મહાગુજરાતના ગુજરાતીભાષી કરોડો વાચકો કેન્દ્રિત પ્રકાશિત કર્યું, જેની પ્રેરણાથી વર્ષો પછી 'કુમાર' જેવાં વિવિધ સામાજિકો ગુજરાત, મહારાષ્ટ્ર અને તે વખતના કરાચીથી અને કલકત્તાથી પ્રકાશિત થવા લાગ્યાં અને વર્ષો સુધી નભ્યાં. એક કચ્છી ધારાશાત્રી શ્રી બિહારીલાલ નારાયણજી અંતાણીએ છેક ઝાંઝીબારથી પૂર્વ આફ્રિકાના બહોળી સંખ્યાના હિંદુસ્તાની નાગરિકોના હક્ક-અધિકારોને વાચા આપતું અંગ્રેજી-ગુજરાતી સાપ્તાહિક 'ઝાંઝીબાર વૉઈસ' નામનું મુખપત્ર ઘણાં વર્ષો સુધી સફળતાપૂર્વક ચલાવ્યું. એક કચ્છી સાહસિકે તે વખતના બર્મા (હવે મ્યાનમાર)ના રંગૂન ખાતેથી બર્માનિવાસી બધા હિંદવાસીઓની પ્રવૃત્તિઓ, આશા અને અરમાનોને વ્યક્ત કરતું સાપ્તાહિક 'બર્મા વર્તમાન' પ્રકાશિત કર્યું અને ચલાવ્યું. છેક બ્રિટનના લંડનથી, મૂળ કચ્છ-માંડવીના શ્યામજી કૃષ્ણ વર્માએ ભારતની સ્વતંત્રતાની માંગને યુરોપભરમાં ગાજતી રાખનાર અંગ્રેજી સામયિક 'ઇન્ડિયન સોશિયોલૉજિસ્ટ' લંડન અને પછી યુરોપનાં બીજાં મહાનગરોમાંથી ચલાવ્યું અને શહીદીને વર્યા.

આ બધું હકીકત સ્વરૂપે બન્યું હોવા છતાં, ગુજરાતના પત્રકારત્વના ઇતિહાસની સુવર્ણતાસકમાં એક મેખ રહ્યા કરી છે.

ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસના માન્યવર સંશોધક અને દસ્તાવેજીકરણના માહેર શ્રી ડૉ. રૂસ્તમ માર્શલે ૧૯૫૦માં 'ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ' લખીને પ્રકાશિત કર્યો છે. આમાં ક્યાંય કચ્છીઓ દ્વારા ખેડાયેલાં ખડતલ ઈતિહાસનાં નામ-નિશાન કે ઉલ્લેખમાત્ર પણ નથી. ઈ.સ. ૧૯૮૨-૮૩ ના અરસામાં જાણીતા લેખક અને પત્રકાર ડૉ. યાસીન દલાલે એમના પી.એચડીના 'થિસિસ' - શોધનિબંધને પુસ્તક સ્વરૂપે 'અખબારનું અવલોકન'નામથી સૌરાષ્ટ્રના

પત્રકારિત્વનો ઇતિહાસ પ્રકાશિત કર્યો છે. ૧૯૫૦ અને ૧૯૮૦-૮૫ વચ્ચે ત્રણ-સાડા ત્રણ દાયકાઓ દરમ્યાન મૂળ 'જન્મભૂમિ' પ્રકાશનોવાળા શ્રી અમૃતલાલ શેઠના પત્રકારિત્વ સંબંધિત અને આગલા 'વંદે માતરમ' દૈનિકના અધિપતિ શ્રી સામળદાસ ગાંધીના લાંબા સમયના નિકટના સહકારી શ્રી યજ્ઞેશ શુક્લના પત્રકારિત્વના સંસ્મરણો પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થયાં છે, પણ એમાં કયાં કચ્છી પત્રકારોનો કે પત્રકારિત્વનો ઉલ્લેખ પણ નથી. આ ઉપરાંત પણ તળ-ગુજરાત કે સૌરાષ્ટ્રના માન્યવર પત્રકારો, કટારલેખકો કે સાહિત્યકારોએ જુદેજુદે વખતે, વિવિધ સામયિકો કે વિશેષાંકોમાં એમના પત્રકારિક-અનુભવોનાં સંસ્મરણો આલેખ્યાં છે, પણ કચ્છીપત્રકારો કે પત્રકારિત્વની નોંધો લેવાઈ નથી.

આમ કેમ થયું હશે ?

શક્ય છે કે આમ ઈરાદાપૂર્વક ન બન્યું હોય, પણ આ પુસ્તકો કે સંસ્મરણોમાં ચિવટપૂર્વકના ઊંડા સંશોધનની ઓછપ તો છતી થાય જ છે. એ જે બન્યું હોય તે, ખેર! બનવાનું બની ગયું.

મેં આ વિષયના વિશ્વાસપાત્ર દસ્તાવેજીકરણ માટે ૪૦ વર્ષો સુધી ખંત રાખીને મહેનત કરી છે. છેક એક-સવા સદી પુરાણાં ઑરિજીનલ અખબારો મેળવવાં કે માહિતીના ટુકડા-ટુકડા મેળવતા જઈ, વિષયના એક દ્વારે પરોવતાંપરોવતાં માળા બનાવતા જવી, એ ધૈર્ય, શોધખોળ, ખર્ચ અને ઉજાગરાવાળો ઉદ્યમ બન્યો છે. મને તેનો હાર્દિક સંતોષ છે.

ગુજરાત કે મહાગુજરાતના દીર્ઘ પત્રકારિત્વ માટે કોઈ એવું મહેણું હવે નહીં મારી શકે કે કચ્છના પત્રકારો કે કચ્છના પત્રકારત્વે, ગુજરાતના પત્રકારત્વના ઇતિહાસમાં ઉજ્જવળ પ્રદાન નથી કર્યું.

મો.: ૯૯૩૦૬ ૬૦૨૪૨

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
સંજય વિસનજી છેડા - ૯૮૯૨૮૧૫૩૬૭

- તંત્રી

# જીવતરના નવમા દાયકે અડીખમ-અણનમ સમાજસેવક શ્રી વિશનજી હરશી ગાલા (ડુમરા-થાણા)

**વિશ્રામ એમ. ગઢવી**

ક.વી.ઓ સમાજે માનવસમાજનો એકએકથી ચડિયાતા નરપુંગવો આપ્યા છે, જેમણે પોતાના પ્રચંડ પુરુષાર્થ, આગવી દક્ષતા, બુદ્ધિપ્રતિભા અને સમાજના છેવાડાના આમ આદમી માટે કંઈક કરી છૂટવાની નિર્ભેળ અને નિરપેક્ષ ભાવના થકી કચ્છી ધરાને અદકેરું ગૌરવ બક્ષ્યું છે અને મુંબઈ ખાતે પોતાનો કર્મયોગ સાધતાં માતૃભૂમિ કચ્છને પોતીકા પ્રદાન દ્વારા અદકેરું ગૌરવ બક્ષનાર વિશનજી હરશી ગાલાનો જન્મ તા. ૨૮-૧૧-૧૯૩૬ના મુંબઈ ખાતે માતા લક્ષ્મીબેનની કૂખે થયો હતો. તેમના પિતાશ્રી હરશી નરશી ગાલાનું કચ્છ ડુમરાથી ૧૫-૨૦ વર્ષ અગાઉ જ મુંબઈ આગમન થયું હતું.

આઝાદી અગાઉ છેક ૧૯૪૪માં તેઓએ ડુમરા ખાતે દરબારી શાળામાં પ્રવેશ મેળવ્યો. બે વર્ષ કચ્છમાં અભ્યાસ બાદ તત્કાળે કચ્છનું શિક્ષણ સાધારણ હોઈ ચિંચપોકલીની શાળામાં તેઓ ધોરણ ૧માં ફરી દાખલ થયા. પિતા હરશીભાઈની દાદર-નાયગામ ખાતે આવેલી દાણાની દુકાનનો વારસો મેળવીને સામાન્ય દુકાનદારમાંથી સફળ ઉદ્યોગપતિની રોચક સફર ખેડનાર શ્રી વિશનજીભાઈનું વ્યક્તિત્વ પાસાદાર હીરા જેવું રહ્યું છે. ૧૯૬૧માં તારામતીબહેન જેવા સુસંસ્કારી, સુશીલ સન્નારી સાથે લગ્નના બંધનથી જોડાયા બાદ તેમનામાં જવાબદારીની સભાનતા સાથે સામાજિક ઉત્તરદાયિત્વનું બીજાસ્ફુરણ થયું. ૧૯૭૮માં ગાલા સ્પ્રિંગ્સ પ્રા. લિ.ની સ્થાપના બાદ તેમણે પાછું વળીને જોયું નથી.

ધંધાકીય વિકાસને સમાંતર તેઓ પોતાના સામાજિક ઉત્તરદાયિત્વ અને નક્કર પ્રદાન માટે સતત ચિંતા અને ચિંતન કરતા રહ્યાં. માતા-પિતાની જમા રકમનું 'લક્ષ્મીબેન હરશી નરશી ચૅરીટેબલ ટ્રસ્ટ બનાવી છેક ૧૯૮૮માં સેવા સમાજ મારફત વક્તૃત્વ સ્પર્ધાની એમણે શરૂઆત કરાવી. આ સ્પર્ધાનું નામકરણ જ તેમનાં માતુશ્રીના નામે થયું પિતાશ્રીના હૃદયની વિશાળતા, નિર્ભયતા, નિખાલસતા અને દિલેરી તેમને વારસામાં મળી. છેક ૧૯૯૫માં રૂા. સાડા ત્રણ લાખના ખર્ચે ડોંબિવલી ક.વી.ઓ સેવા સમાજને સમાજ

સેવાની પ્રવૃત્તિઓ માટે ૧ લાખ રોકડા સાથે ફ્લૅટ લઈ અર્પણ કર્યો. ૨૦૦૭માં રૂા. સવા આઠ લાખના ખર્ચે બાજુનો બીજો ફ્લૅટ લઈ આપીને વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃત્તિને વેગ આપ્યો. ૨૦૦૫માં ધર્મપત્ની શ્રીમતી તારામતી વિશનજી ગાલા પુરસ્કૃત ફ્રી સર્જિકલ શિબિર રાખી જરૂરતમંદ દર્દીઓના હમદર્દ બન્યા. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટેની શિબિરો શરૂ કરી.

સમાજ ખરા અર્થમાં બેઠો થાય, Un to the Last છેવાડાનો માણસ કેમ ઉભો થાય તેની સતત ખેવના અને ખાંખત તેમણે સાતત્યપૂર્ણ રીતે સેવી છે. વિશનજીભાઈની કર્મઠતા કલ્યાણભાવનાના મૂલ્યનિષ્ઠ રંગે રંગાઈ છે. સ્વસ્થ અને પ્રગતિશીલ સમાજની તેમની સંકલ્પના અને સદ્ભાવનાએ તેમને સતત જાગતા અને જીવંત રાખ્યા છે.

કચ્છમાં છેવાડાનાં દુર્ગમ ગામોમાં આરોગ્યની ઉત્તમ સેવાઓ આપતાં ભાદ્ય સર્વોદય ટ્રસ્ટ દ્વારા માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોના સુયોગ્ય ઉછેર અને સવર્ધન માટે સેન્ટર ઉભું કરવામાં આવેલ છે. જેના માટે લીલાધરભાઈ ગડા અને કલ્યાણજી કારૂની પ્રેરણાથી ૨૧ લાખ રૂપિયાનું માતબર દાન આપ્યું. ડુમરામાં ભોજનાલયના સૌજન્ય દાતા માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા અને શ્રીમતી દમયંતીબેન જયંતીલાલ ગાલા અને શ્રીમતી તારામતીબેનના નામે અતિથિગૃહની શરૂઆત થઈ. જેમાં ૧૮ રૂમના સૌજન્ય દાતા તરીકે વિશનજીભાઈએ માતબર દાન પ્રદાન કર્યું.

ન કેવળ જૈન સમાજ અપિતું સમગ્ર કચ્છના સર્વાંગીણ ઉત્થાન અને ઉત્કર્ષ માટે વિવિધ એજન્સીઓ, N.G.O. તથા સમાજ સેવકો - અગ્રણીઓના સતત સંપર્કમાં રહીને ટકાઉ વિકાસ માટે સતત મથતા રહ્યા છે. ચેકડેમ-ખેત અને સીમ તલાવડી-ગ્રામ તળાવ સુધારણા, જળ સંગ્રહ - પેયજળ જેવા છેવાડાના ગ્રામજનને સીધા સ્પર્શતા પ્રાણ પ્રશ્નોના યોગ્ય ઉકેલ માટે શ્રી વિશનજીભાઈ દૂરંદેશી અને સર્વગ્રાહી નીતિથી ઝઝૂમ્યા છે તેમાં તેમના સુપુત્ર કિરીટભાઈ અને પુરા પરિવારનું સમર્પણ છે.

શ્રી વિશનજીભાઈ ગાલાની સમાજના ઉત્થાન માટેની પરિણામલક્ષી ભાવના અને સાચુકલા વિકાસની રચનાત્મક દૃષ્ટિની કદરરૂપે સમાજના અગ્રણીઓએ ક.વી.ઓ. સેવા સમાજ-મુંબઈનું પ્રમુખપદ તેમને સામે ચાલીને આપ્યું અને તેમણે એ બખૂબી નિભાવ્યું, બુકબૅન્ક, મુખપત્ર પ્રકાશન, સંજીવની સ્વાસ્થ્ય

યોજના, શૈક્ષણિક લોન, સ્ત્રી ઉત્કર્ષ તથા ખેલપ્રતિભાને પ્રોત્સાહન જેવી રચનાત્મક પ્રવૃત્તિઓથી સમાજને ધબકતો રાખવાનો યુગધર્મ એમણે બજાવ્યો છે.

છેક ૧૯૯૭થી ગાલા સ્પ્રિંગ્સ કપ-વૉલીબૉલ ટુર્નામેન્ટ નિયમિત યોજાય છે. જેમનો સ્પોન્સર તેમનો પરિવાર છે. કચ્છી વૉલીબૉલ કપથી માંડી કચ્છી ઑલિમ્પિક સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના તેઓ પ્રણેતા અને પ્રાણપૂરક રહ્યા છે.

સમાજના વિકાસવાદની સાથે ચિંતાજનક સ્તરે લગ્નભંગ-છૂટાછેડાનું પ્રમાણ વધ્યું છે ત્યારે ક.વી.ઓ કેન્દ્રીય મધ્યસ્થ સમિતિના માધ્યમથી લગ્નજીવનના પ્રશ્નોનું સમાધાન કરી દંપતીના જીવનને પુનઃપાટા પર લાવવાનું શ્રેયસ્કર કાર્ય તેમની સમાજસેવાનું એક ઉન્નત શિખર બની રહે છે. શ્રી થાણા કચ્છી જૈન સેવા સમાજના સ્થાપક પ્રમુખ તરીકે સેવા આપી છે.

'શ્રીમતી તારામતી વિશનજી ગાલા કલા સાહિત્ય પુરસ્કાર એ સાહિત્યજગતને તેમની અજોડ અને અપ્રતિમ ભેટ છે. કલા-સાહિત્ય ક્ષેત્રનાં પુરસ્કારોમાં આ માન-અકરામની એક આગવી પ્રતિષ્ઠા છે. છેક ૨૦૦૩માં ડૉ. વિશન નાગડા, ગુલાબ દેઢિયા, માધવ જોશી, માધુરીબેન છેડા, લક્ષ્મીચંદ ગોગરીની બનેલી સમિતિ એ આજ સુધી કેટલાય કચ્છી સાહિત્યકારો - કલા ઉપાસકોને પૂરાં માન-સન્માન સાથે દબદબાભેર મુંબઈના ચોકમાં પોખ્યાં છે. એ રીતે સાક્ષરોએ મહાજનોને આપેલ 'સરસ્વતિ કંઠાભરણ'નું બિરુદ વિશનજીભાઈએ સિદ્ધ કરી બતાવ્યું છે.

પોતાના માદરે વતન ડુમરા ખાતે હાઈ સ્કૂલની શિક્ષણાની પરિસ્થિતિનો ચિતાર મેળવીને શિક્ષણ સુધારણા માટે તમામ ખૂટતી કડીઓ પૂર્ણ કરવા કમર કસી અને પરિણામ મેળવીને જંપ્યા. માદરે વતનનું પિતૃઋણ અદા કરવાની તેમની નેક ભાવના અને કચ્છ સાથેના ઊંડા નિસ્બતનું તેમાં પ્રતિબિંબ પડે છે.

નિવૃત્તિને રસમય અને જશમય બનાવવાની કલા કોઈ તેમની પાસેથી શીખે ! છેલ્લાં ૨૫ વર્ષથી કલા, સાહિત્ય, જ્ઞાન, વિજ્ઞાન, ટેકનોલોજિ ઉદ્યોગ - જેવા વિષયો પરના લેખોનો સંચય કરી પોતાની જ્ઞાનભૂખ અને સજ્જ વ્યક્તિત્વનો પરિચય આપ્યો છે.

એટલેથી ન અટકતાં એંશી વર્ષની જ્ઞાનવૃદ્ધ વયે તેમણે આત્મકથા લખવાનું સફળ સાહસ પણ કર્યું છે. ખાસ કરીને આજનાં યુવાનોએ

'સફર આઠ દાયકાની' આત્મકથામાંથી એકવાર જરૂર પસાર થવું જોઈએ. જેમાં એમણે જીવનના મહત્ત્વના ૨૩ પ્રસંગોનું તટસ્થ આંકલન રોચક રીતે કર્યું છે. કંપનીના માણસોની મૂલ્યહીન હરકત સામે તેમની મક્કમતા, કોઠાસૂઝ, સમયસૂચકતા અને હૃદયની વિશાળતા સ્પર્શી જાય તેવાં છે. તેમનું અખિલાઈભર્યું જીવનદર્શન (Brode Vision), સાદગી અને સરળતા તથા મૂલ્યનિષ્ઠ જીવનદૃષ્ટિ પ્રેરણાની પરબ બની રહે છે.

દેશ-દુનિયાના તેમણે કરેલા પ્રવાસોએ તેમને વાસ્તવ અને વિકાસલક્ષી દૃષ્ટિકોણ બક્ષ્યો છે. વિકસતા વિશ્વમાનવ સાથે કદમ મિલાવીને ચાલવામાં તેમની ઉંમર ક્યારેય બાધક બની નથી. સ્પ્રિંગની જેમ તેમનું જીવન સ્થિતિસ્થાપક રહ્યું છે. તેઓ જેટલા ભૌગોલિક વિશ્વપ્રવાસી છે તેટલાં જ વૈચારિક વિશ્વપ્રવાસી બની રહ્યા છે.

સતત વિકસતા રહેવું અને બીજાને વિકસાવતા રહેવાની તેમની પરગજુ વૃત્તિએ આજે ૮૬ વર્ષની જૈફ વયે પણ લીલાછમ રાખ્યા છે. આર્થિક સમૃદ્ધિની સાથે વૈચારિક સમૃદ્ધિ હોવી એ જીવતરની મહાન ઉપલબ્ધિ છે. 'તેરા તુજકો અર્પણ'નો ભાવ સેવીને ખભે કોઈ પણ ભાર લઈને ન ફરવાની તેમની શૈલીએ તેમને મુઠ્ઠીઉંચેરા બનાવ્યા છે એમ કહેવું જરા પણ અતિશયોક્તિ નથી.

તેમની સમાજસેવાનો વ્યાપ બહુઆયામી - બહુપરિમાણીય છે. શાસ્ત્રો પણ કહે છે, 'સેવાધર્મ પરમ ગહનો, યોગિનામ્અપિ અગમ્યઃ યોગીઓને પણ દુર્લભ-અગમ્ય એવા સેવામાર્ગના વટેમાર્ગુ વિશનજીભાઈના સુદીર્ઘ પટ પર પથરાયેલ સેવાકર્મ એ એક તપ છે. સાચુકલા પ્રેમ અને ભીતરી દર્દ વિના આ સેવાપરાયણતા સંભવ નથી.

સમાજસેવા અને સંસ્કારવારસાને ઉજ્જ્વળ કરવાની દિશામાં તેમણે નવી પેઢી માટે આદર્શ માનદંડો સ્થાપ્યાં છે. તેમના સુપુત્ર કિરીટભાઈમાં વ્યાવસાયિક સૂઝની સાથે સંસ્કારવારસાને જાળવવાના સંસ્કારો સાંગોપાંગ ઊતર્યા છે. પ્રાપ્તિ કરવા કરતાં પચાવવું મુશ્કેલ છે. તેમણે પોતે આત્મકથામાં નોંધેલા એક વિધાન સાથે શબ્દોને વિરામ આપીએ, 'શુભનિષ્ઠાથી કરેલ કોઈ પણ કાર્ય સફળતાને વરે છે. એમના સફળ જીવતરનાં અદબભેર ઓવારણાં લેતાં નિરામય - સ્વસ્થ - મસ્ત દિર્ઘાયુ માટે પ્રભુ પ્રાર્થના......

- મોટા લાયજા,
મો. : ૯૮૭૯૧૧૬૬૨૭

# યે જીવન હૈ

CA સંજય વિસનજી છેડા

***યે જીવન હૈ, ઇસ જીવન કા***
***યહી હૈ, યહી હૈ, યહી હૈ રંગ રૂપ,***
***થોડે ગમ હૈ, થોડી ખુશીયા***
***યહી હૈ, યહી હૈ, યહી હૈ છાવ ધૂપ***

જીવનનો અર્થ સમજવા માંગતા ***''ક્યાંથી આવ્યા છીએ''*** અને ***''ક્યાં જઈશું''*** એવા કેટલાય પ્રશ્નોનો ઉકેલ મથતી દરેક વ્યક્તિ માટે ***શ્રી આનંદ બક્ષી***નું આ સરળ, સુગમ, સૌમ્ય ગીત.

એમના શબ્દોમાં, આ જ જીવન છે, સુખ હશે, તો દુઃખ પણ રહેશે, તડકો હશે અને છાયા પણ હશે. ઉતાર-ચઢાવ, ઉચ્ચ–નીચ, થોડાંક સ્મિત, થોડાંક આંસુ. બસ આ જ જીવન છે.

અને એકવાર વિચારી જુઓ, અગર આ દુઃખ ન હોત, તો સુખ કોને કહેવાત. તડકો ન હોત, તો છાયાનું શુ મૂલ્ય હોત. જે છે, એ આ કૉન્ટ્રાસ્ટથી જ રંગીન છે. આ વિરોધાભાસ, આ તદ્દન વિપરીત સંજોગોથી જ બને છે જિંદગી.

આ જ વિવિધ રંગોની રંગોળીનું નામ છે જીવન. ઉપરવાળા અદશ્ય કલાકારની એક અદ્‌ભુત કલાકૃતિ છે આ જીવન. એને પહેલા જીવવાનું શરૂ કરો, પછી સમજવાનું કે વિચારવાનું.

***યે ને સોચો, ઈસમેં અપની***
***હાર હૈ યા જીત હૈ***
***ઉસે અપના લો***
***જો ભી જીવન કી રીત હૈ***
***યહ જીદ છોડો, યુ ના તોડો***
***હર પલ ઈક દર્પણ હૈ***

બહુ નાનું છે આ જીવન, એની છણાવટ ન કરો. એના દરેક રંગને માણો, ચોખવટ ન કરો, ઘણા લોકો, દરેક ક્ષણ, દરેક પ્રસંગ, દરેક સંજોગ, દરેક યોગાનુયોગને જંગ સમજી લે છે. એમના માટે જીવન એટલે સતત જીતવું છે. મારા ભાઈ, આમ સતત જીતવાનું નહીં, સતત જીવવાનું નામ છે જિંદગી.

અને જીતવું જ હોય, તો પહેલા પોતાને ખુદને જીતો, પોતાની ઈન્દ્રિયો ને જીતો.

પોતાની આસક્તિઓને જીતો. લોકોનાં હૃદય જીતો. બસ આના પછી કંઈ જીતવાનું બાકી રહેતું નથી અને બાકી હોય તોપણ એ જીતવાનું જરૂરી રહેતું નથી.

***મૈં જિંદગી કા સાથ નિભાતા ચલા ગયા ની*** જેમ, જીવનની સાથે ચાલતા જાવ, જીતવાનું બંધ કરી, જીવવાનું શરૂ કરો. જીવનને જીતવાની જીદ છોડી, જીવવાની હઠ લો. અરીસા જેવી દરેક ક્ષણ, કાચથી નાજુક અને પરપોટા જેવી સુંવાળી છે. એ કાચ તૂટશે, તો પાછા જોડાશે નહી અને જોડાશે તો પણ તિરાડો સદાને માટે રહી જશે. એટલે દરેક ક્ષણને જીવો અને લોકોનાં હૃદયને જીતો.

***ધન સે ના દુનિયા સે***
***ઘર સે ન દ્વાર સે***
***સાંસો કી ડૉર બંધી હૈ***
***પ્રીતમ કે પ્યાર સે***
***દુનિયા છૂટે, પર ના તૂટે***
***યહ કૈસા બંધન હૈ***

ન કુબેરના ધનભંડાર, કે ન આ નાશવંત દુનિયાનાં મોહ-માયા કે એની ભૌતિક વસ્તુઓથી. મુઠ્ઠીઓમાં કુતૂહલ અને રુદન સાથે શરૂ થયેલ આ જીવન, છેવટે બંધાય છે તો બસ સ્વજનના સ્નેહથી પ્રેમ, દરકાર, વાત્સલ્ય, હેત અને મમતાથી. દુનિયા છૂટે, પણ છતાંય ન તૂટે કે છૂટે, એવા આ સંબંધો, આ ૠણાનુબંધ, એ જ છે, જે જીવનની છેલ્લી ક્ષણ સુધી સાથે રહેશે, જીવવાની શક્તિ બની રહેશે, જીવવાની આસક્તિ બની રહેશે.

પિયા કા ઘર (૧૯૭૨)ના આ ગીતનું પિક્ચરાઈઝેશન, એક મધ્યમ વર્ગના, સંયુક્ત કુટુંબમાં રહેતાં નવયુગલ (અનિલ ધવન અને જયા ભાદુડી)ની મૂંઝવણની વાત કરે છે, જે કદાચ મારી કે તમારી પરિસ્થિતિ સાથે સુસંગત ન હોય, છતાં પણ ***લક્ષ્મીકાન્ત પ્યારેલાલ***ના સંગીતમાં મઢાયેલું ***કિશોર દા***ના ધીમા સ્વર, ધીમા લયમાં સ્વરબદ્ધ આ ગીત, ગૅલેરીમાં બેસી, કાનમાં હેડફોન લગાવી. શાંતિથી સાંભળો, તો મારા મતે આ તમારો, તમારા ખુદ સાથે સાડા ત્રણ મિનિટનો સતસંગ કહી શકાય.

- રતાડિયા ગણેશવાલા
મો. : ૯૮૯૨૮૧૫૩૬૭

**દુનિયાનું સૌથી હારું ઘરેણું મહેનત છે.**
**દુનિયાનો સૌથી સોરી સાથી**
**તમારો નિર્ણય છે,**
**તમારો સ્વભાવ એજ તમારું ભવિષ્ય છે.**

**જીવનમાં બીજા કરતા મોડી સફળતા મળે**
**તો નિરાશ ના થતા કેમ કે**
**મકાન કરતા મહેલ ચણવામાં વાર લાગે છે.**

# ભગવાન બુદ્ધ પરિપથ

**જ્યોતિ જેવત મોતા**

સચરાચર જગતને વંદન!

મારા એકલ પ્રવાસ અને અલગારી રખડપટ્ટીના મારા અનુભવોને આ મારી બીજી લેખમાળામાં પ્રસ્તુત કરતા હું ખૂબ આનંદ અનુભવી રહી છું. રઝળપાટ એટલે હિન્દીમાં ઘુમક્કડી જેનો ટૂંકો ખ્યાલ મેં આગળની લેખમાળામાં આપી દીધો છે. વર્ષ ૨૦૧૮ -૧૯માં ઑક્ટોબરથી જાન્યુઆરી સુધીનો મારો મુખ્ય પ્રવાસ તો ૧૧૯ કલ્યાણભૂમિની રહ્યો પણ તે સમયે મારી યાત્રા સાથે મેં ભગવાન બુદ્ધના મુખ્ય પ્રદેશોનું ભ્રમણ અને વચ્ચે આવતાં ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વનાં સ્થળો તેમ જ શહેરોને પણ મેં આવરી લીધેલાં.

પ્રસ્તુત લેખમાળામાં હું **ભગવાન બુદ્ધના મુખ્ય ચાર પ્રસંગો - જન્મ - લુમ્બિની, મહા બુદ્ધત્વ પ્રાપ્તિ - બોધગયા, ધર્મચક્ર પરિવર્તન- સારનાથ અને મહાપરિનિર્વાણ - કુશીનગરમાં** થયો તેમ જ એમના સૌથી વધુ વર્ષાવાસ (ચાતુર્માસ) **શ્રાવસ્તી અને વૈશાલી નગરી**માં પણ થયા. એ બધાં નગરોનો ઉલ્લેખ, એ નગરોનું વર્ણન આ પ્રસ્તુત લેખમાળા ''**બુદ્ધ પરિપથ**''માં કરવાની કોશિશ કરીશ. આમ તો રાજકુમાર સિદ્ધાર્થથી ભગવાન બુદ્ધ સુધી પહોંચવાનો જીવન ઘટનાક્રમ લુમ્બિનીથી શરૂ થયો અને કુશીનગર પૂર્ણ થાય છે, પરંતુ આ લેખમાળામાં હું એમના જીવન ઘટનાક્રમ પ્રમાણે ન જવાને બદલે મારી યાત્રાના ક્રમ પ્રમાણે રજૂ કરીશ. સાથે મારી ઘુમક્કડીના અનુભવો અને અન્ય સ્થાનોની માહિતી પણ પીરસતી જઈશ. આશા છે કે આપે જે રીતે મારી પહેલી લેખમાળાને પ્રોત્સાહન આપ્યું અને પસંદ કરી એમ આ લેખમાળા પણ જરૂર ગમશે અને આપ જેવા સુજ્ઞ વાચકો વચ્ચે મારે રહેવાનો એક વધુ અવસર મળશે.

## ભાગ ૧. કુશીનગરને રસ્તે...

તારીખ ૧૩-૧૦–૨૦૧૮ના **૨૩ કલ્યાણક ભૂમિ અયોધ્યા અને રત્નપુરી (રોનાહી)**નાં દર્શન-વંદન કર્યાં બાદ આગળનું ગંતવ્ય હતું ભગવાન બુદ્ધની પાવન ભૂમિનાં દર્શન. મારી પાસે બે વિકલ્પ હતા – કુશીનગર અને શ્રાવસ્તી. શ્રાવસ્તીમાં વિપશ્યના ધ્યાનનો લાંબો શિબિર (૪૫ દિવસ) શરૂ થઈ રહ્યો હતો. ૧૫ ઓક્ટોબરથી, જેમાં હું બેસવાની

હતી. ત્યાં પહોંચવા મારી પાસે બે દિવસ હજી બાકી હતા, જેમાં હું કુશીનગર જઈ શકું તેમ હતી. છતાંય સમયની કટોકટી પણ વર્તાઈ રહી હતી, કેમકે શ્રાવસ્તી સુધી પહોંચવાનો રસ્તો ખૂબ અટપટો અને અગવડ ભરેલો હતો. બે દિવસ મનમાં ગડમથલ થયા કરી. અયોધ્યાથી શ્રાવસ્તી પહોંચવા કોઈ સીધું વાહન નહોતું જતું અને ગોરખપુરથી પણ બે-ત્રણ સાધનોની બદલી કરી વચ્ચે આવતા ખરાબ રસ્તાને પાર કરવાના હતા. અજાણી ભૂમિ પર મોડું પહોંચવું અથવા નવું જોખમ ઉઠાવવું મૂર્ખતા ભરેલું હતું. એટલે પહેલા ગોરખપુર પહોંચી છેલ્લી ઘડીએ મારે નિર્ણય કરવો એવું નક્કી થઈ ગયું.

ઑક્ટોબરની શરૂઆત. કડકડતી ઠંડીની રાત. મારા માટે નવાઈની વાત! રજાઈની હૂંફ અને સુંવાળા સ્પર્શને દૂર કરી વહેલા ઊઠવું જાણે રજાઈનું અપમાન ન કર્યું હોય એવું લાગી રહ્યું હતું ! પણ આ તો મારી અનોખી રઝળપાટ અને અલબેલી ઘુમક્કડી! એના પોતાના નિયમ અને અનોખો અંદાજ! આવતી કાલે સવારે સાત વાગે અહીંથી છ-સાત કિલોમીટર દૂર અંતરિયાળ વિસ્તાર પાર આવેલ મુખ્ય ધોરી માર્ગથી બસ પકડવાની હતી. ગઈકાલે રાતના જ મૅનેજર ભાઈને રિક્ષા માટે કહી દીધેલું અને હિસાબ પણ પતાવી દીધેલો. જેથી સવારે એમની મીઠી ઊંઘમાં ખલેલ ન પહોંચે. પૂજારી ભાઈને ખ્યાલ હતો મારે વહેલા નીકળવું છે એટલે એમણે પણ પાંચ વાગ્યે જિનાલય ખોલી આપેલું. સામાન તો તૈયાર જ હતો. રિક્ષાવાળા ભાઈને ફોન કરી જગાડી દીધો અને એ આવે ત્યાં સુધી દેવ દર્શન કરી બહાર નીકળી. નાહવા કે પૂજા કરવાનો આટલી વહેલી ઠંડી સવારે પ્રશ્ન જ ઊભો નહોતો થતો ! પોણા છએ મુખ્ય ધોરી માર્ગ પહોંચી ગઈ. આ સૂમસામ વિરાટ રસ્તો મનો સવા કલાક કાઢવાનો હતો. ગોરખપુર અહીંથી ૧૩૪ કિલોમીટર અને ગોરખપુરથી કુશીનગર ૫૫ કિલોમીટર એટલે કે લગભગ ૨૦૦ કિલોમીટરનો પંથ આજે મારે જે વાહન મળે એમાં કાપવાનો હતો. અહીંથી બસ જો સમયસર મળે તો ગોરખપુર પહોંચતા ચાર કલાક અને કુશીનગર પહોંચતા દોઢ કલાક નીકળે. એટલે કે આખી બપોર અને સાંજનો સમય તેમ જ બીજા દિવસે સવારના બે-ચાર કલાકમાં કુશીનગર આરામથી ફરી શકાય એવું હતું. બપોર સુધી કુશીનગરથી ફરી ગોરખપુર પાછા આવી અને તારીખ ૧૪ ના ગોરખપુરથી શ્રાવસ્તીના રસ્તે જ્યાં સુધી આગળ નીકળી શકાય ત્યાં સુધી પહોંચવું એવો નિર્ણય મનમાં ચાલી રહ્યો હતો. પણ આમ કંઈ મારું ધાર્યું થોડું થવાનું હતું ! હું એક કલાક વહેલી પહોંચી અને બસ એક કલાક મોડી હતી! કડકડતી ઠંડીના મારા આ બે કલાક ધોરીમાર્ગ પર મુશ્કેલીથી નીકળ્યા.

પગ અને માથું દુખવા લાગ્યાં. પોણા સાત બાદ એક પછી એક મુસાફરો આવવા લાગ્યા અને અમુક મુસાફરો તો સાડા સાતે બસ આવવાની હતી એ જ સમયે આવ્યા. કદાચ એ લોકોને રોજ બસ મોડી ચાલતી હશે એવી ખબર હશે. ભારતમાં બધે જ સરકારી વાહનો ભગવાન ભરોસે ચાલતાં હોય છે. મુસાફરોની હાલાકી અને પરેશાનીનો કોઈ જ મતલબ એમને નથી હોતો.

મને હવે એ આદત પણ નાખવાની હતી કે ગંતવ્ય પહોંચતાં પહેલાં ધાર્યાં સમય કરતાં બે-ત્રણ કલાક હવે વધુ લાગશે એની તૈયારી રાખવી. બસ સ્ટેન્ડ કે રેલવેસ્ટેશન પર પણ ઊભું રહેવું પડશે આ બધી અડચણોને મારે પડકારરૂપે સ્વીકારવાની હતી. ઘુમક્કડી અનોખી તો અનુભવો પણ અનોખા જ થવાના! આઠ વાગે બસ આવી. સીટ મેળવી. એક્સપ્રેસ રાષ્ટ્રીય ધોરી માર્ગ પર બસ સડસડાટ દોડતી હોવા છતાં પહોંચતા સાડા દસ ને બદલે બાર થયા.

ગોરખપુર પહોંચવાના છ-સાત કિલોમીટર આગળ જ કુશીનગર જતો એક બાયપાસ રસ્તો મેં જોયો, પણ ત્યાં ઊતરી ન શકી. એક તો એ રસ્તા વિશે અજાણ હતી અને બીજું સામાન સાથે કેટલો સમય ઊભા રહેવું પડે તે પણ કંઈ કહી શકાય તેમ નહોતું. મેં જોખમ ન લીધું. મારી પાસેના ફૂડ પૅકેટ્સ અને નાસ્તો હવે કામ આવી રહ્યાં હતાં. બસમાં જ નાસ્તો કરી લીધો. ગોરખપુર ઊતરતાની સાથે જ સામે કુશીનગરની બસ ઊભેલી જોઈ. વધુ કંઈ વિચાર કર્યા વગર એ બસમાં બેઠી.

જંગલ જેવા હરિયાળા વિસ્તારમાંથી બસ પસાર થઈ રહી હતી. મુસાફરી આનંદદાયક હતી, પણ આ આનંદમાં વિક્ષેપો પણ નડે જ. કુશીનગર ક્યાં જવું ? ક્યાં રહેવું ? ક્યાં ઊતરવું ? કશી જ ખબર નહોતી. ગઈકાલે કુશીનગરના વિપશ્યના કેન્દ્રના નંબર શોધી એક ભાઈ પાસે કુશીનગર કેવી રીતે પહોંચવું તેની માહિતી લઈ લીધી હતી. એમના જણાવ્યા મુજબ મારે કુશીનગરની બસમાં બેઠા બાદ કુશીનગર ગામમાં ન જતા ધોરી માર્ગ પર જ્યાં મોટો ગૅટ દેખાય ત્યાં ઊતરી જવું અને બસ કંડક્ટરનો પણ કહી રાખવું કે તે કુશીનગરના ગૅટ પાસે ઉતારે.

પોણા કલાક બાદ મારે સતત બારી બહાર જોતા રહેવું પડ્યું, પણ બસમાંથી મારે કઈ દિશા તરફ જોવું ? બંને બાજુમાં કોઈ પણ જગ્યાએ ગૅટ આવી શકે ? હું બસમાં વિરુદ્ધ દિશાની બારી પાસે બેઠી હોવાથી ગેટ જતો રહ્યો અને હું ઘણી આગળ નિકળી બીજા ગામમાં પહોંચી ગઈ. મને જેનાથી બચવાનું હતું તે જ બન્યું. કંડક્ટર પર નારાજગી ઉતારું

તોપણ કંઈ વળવાનું નહોતું. બસ રવાના થઈ.

નાનકડાં ગામમાં બે-ચાર રિક્ષાવાળા મારી તરફ દોડી આવ્યા. મેં મારી પાસે જે ઠેકાણું આપ્યું હતું તે જણાવ્યું. તેઓ આશ્ચર્યથી મારી સામે જોઈ પૂછવા લાગ્યા કે મારે ક્યાં જવું છે ? મેં કુશીનગર અને ત્યાંનાં અન્ય મંદિરો અને ભગવાનની નિર્વાણ ભૂમિની વાત કરી. એમણે કહ્યું કે એ જગ્યા તો હું પાંચ કિલોમીટર પાછળ છોડી આવી હતી! કંડક્ટર-ડ્રાઇવર બંનેએ મને કેમ ન જણાવ્યું ? ખબર નહીં. પાછળથી ખબર પડી કે કુશીનગર ગામ અને કુશીનગર પર્યટક સ્થળ બંને અલગ છે. ખેર! હું ઘણી આગળ આવી ગઈ હતી. કુશીનગર જતા પર્યટકો હાઈવે પર જ ઊતરતા હોય છે.

હું એ જગ્યા ચૂકી ગઈ હતી. અહીં આવવા માટે રામભારા કુશીનગર કહેવું જોઈતું હતું તો બસ મને અહીં ઉતારી દેત. આ સ્થળે આવવા રિક્ષાવાળા ૨૦૦ રૂપિયા માંગતા હતા. નાનકડી ભૂલની મોટી કિંમત! હું થોડી વાર ત્યાં જ ઊભી રહી. એક ડ્રાઈવરે કહ્યું, ''બહનજી! આપ શેઅરે રિક્ષા મેં બૈઠ જાય. દસ રૂપયે મેં હાઈવે પહોંચ જાયેંગી. વહાં ઇ-રિક્ષા આપકો પચાસ-સત્તર રૂપિયે મેં જહાં જાના ચાહો વહાં લે જાયેંગી.'' ગભરાયા વગર શાંતિથી કામ લેતા કોઈ ને કોઈ રસ્તો નીકળે જ.

હાઇવે પર ઊતર્યા બાદ કુશીનગર ફરવા માટે (ટોટો) ઈ-રિક્ષા અથવા પ્રાઇવેટ રીક્ષા બેસ્ટ વિકલ્પ છે. થોડે અંદર જતા હોટલો છે, પણ ખૂબ જ મોંઘી. ગેસ્ટ હાઉસ કે ઇકોનોમિક રહેવાના વિકલ્પો અહીં ઘણા ઓછા છે. વળી શુદ્ધ શાકાહારી ભોજન મળવું પણ એટલું જ મુશ્કેલ છે. બર્મીઝ ટેમ્પલ પાસે ચાટની લારીઓ મળી જાય ખરી. નહીં તો શાકાહારી ભોજન માટે ખૂબ રખડવું પડે. કુશીનગર વિપશ્યના કેન્દ્રથી ગઈકાલે અહીં રહેવા માટે સાધક ભદન્તજીના નંબર મળી ગયા હતા.

કુશીનગરમાં વિપશ્યના જીપ્સી કૅમ્પની શરૂઆત આ ભદન્તજીના ગેસ્ટ હાઉસથી થઈ હતી. વિપશ્યના કેન્દ્ર બન્યા બાદ આ ગેસ્ટ હાઉસમાં કોઈ પણ સાધકને નૉમિનલ ચાર્જીસમાં અહીં રહેવા મળી જાય છે. હું રહેવા બાબત નિશ્ચિંત હતી. આ ગેસ્ટ હાઉસ રામભારા સ્તૂપ નજીક છે. શ્રીભદંત ચંદ્રમણી મહાસ્થવીર જેઓ સ્થાનીય લોકોમાં ''ચશ્મેવાલે ભંતેજી''ના નામથી ઓળખાય છે. તેમના ગેસ્ટ હાઉસ ાં સાધકો દાન દઈ રહી શકે.

મેં ટોટોવાળાને ચશ્મેવાલે ભંતેજીની પાસે લઈ જવા કહ્યું. મુખ્ય ધોરીમાર્ગથી બે કિલોમીટર દૂર રિક્ષા આવીને ઊભી રહી. મેં એને ૭૦ રૂપિયા ચૂકવ્યા. અહીં બધાં જ સ્થળો

જોવા માટે બે કિલોમીટરનાં દાયરામાં ફરવું પડે છે. જેના માટે ઈ-રિક્ષા ઉત્તમ વિકલ્પ છે. રિક્ષાવાળાને ધન્યવાદ કહી અંદર પરિસરમાં સામાન મૂકી ભદન્તજીને જોવા લાગી.

ભદન્તજી એક બૌદ્ધ ભિક્ષુક છે. તેમની સાથે થોડી ઔપચારિક વાતો થઈ. એક દિવસ રહેવા માટે બે બિસ્તર અને અટેચ ટૉઈલેટ બાથરૂમવાળો ઓરડો આપ્યો. સામાન સેટ કરી, ફ્રેશ થઈ નીચે ઊતરી. ભદન્તજીએ મને ભોજનશાળામાં જઈને કંઈ બચ્યું હોય તો જમી લેવા કહ્યું. અઢી વાગી ગયા હોવાથી ત્યાં કશું જ ન હતું. કુશીનગરમાં પાંચ વાગ્યે બધાં મંદિરો બંધ થઈ જતાં હોવાથી સમય ગુમાવ્યા વગર હું તરત બહાર નીકળી.

મારી પાસે ફરવા માટે ફક્ત બે-અઢી કલાક જ બચ્યા હતા. મુખ્ય રોડ પર આવી. અહીં આવતી વખતે ટોટોમાંથી રસ્તાની બંને બાજુએ અનેક સુંદર મંદિરો જોયાં હતા, જે જોવા માટે હું ફરી રિક્ષાની રાહ જોતી ઊભી રહી. પણ આ સૂમસામ રસ્તે કોઈ વાહન નહોતું ફરકતું. રાહ જોઈ સમય બગાડવાને બદલ ઉતાવળે પગ ઉપાડયા. રિક્ષાથી જે રસ્તે આવી હતી એ રસ્તા તરફ આગળ વધી. પાસે લખેલી માહિતી અને ગૂગલની મદદથી જોવાં જેવાં સ્થાનો નોંધી લીધાં. કશું લખેલું ન હોય તો પણ આ રસ્તે ફરતા અનેક બુદ્ધ મંદિરોં જોવા મળે છે. લીલાંછમ ખેતરો, ખેતરોમાં લહેરાતી પીળી સરસો, વાડીઓ, સુંદર, સુઘડ, સીધો, લાંબો રસ્તો અને વિવિધ સ્થાપત્યવાળાં સુરમ્ય મંદિરોનાં દ્રશ્યો જોતી આગળ વધી રહી હતી. આખો દિવસ ફરવા મળે તો કુશીનગરને ચાલીને જ માણવું જોઈએ. સમય ઓછો હોય તો ચાર-પાંચ પર્યટકો સાથે ટોટો અથવા બાઈકથી ફરવાનો ઉત્તમ વિકલ્પ છે. મારી પાસે આવો કોઈ વિકલ્પ ન હતો એટલે મારા પગને ગાડી બનાવી દોડવા લાગી.

એક સાઇકલવાળા ભાઈને તાકીદ કરી કે કોઈ ઇ-રિક્ષા કે પેડલ રિક્ષા આગળ દેખાય તો ઊભી રાખે.

સારે નસીબે એક પૈડલ રિક્ષા મળી ને જ્યોતિની સાહી સવારી મોજથી કુશીનગર (કુશીનારા)ને રસ્તો આગળ વધી. એક કિલોમીટર આગળ ચાલી હોઈશ કે વિદેશી સંસ્થાનોનાં મંદિરો શરૂ થઈ ગયાં. અહીં ભગવાન બુદ્ધનાં એટલાં બધાં વિહારો - મઠો અને મંદિરો છે જેને આરામથી માણવા બે દિવસ જોઈએ. મારી પાસે તો બે કલાક જ હતા. તેથી મુખ્ય મંદિરો તરફ હું આગળ વધી.

ક્રમશઃ

- ગામ નાની ખાખર.

મો. : ૯૯૩૦૫૦૮૪૦૭.

# બદલાતો સમય અને હકીકત

હેમા વીરા

પરિવર્તન જીવનનું એક મહત્ત્વનું પાસું છે. જે રીતે ઋતુ બદલાય છે તેમ મનુષ્ય બદલાય છે. હકીકતમાં આપણે આજે જુનવાણી વિચારસરણીની જંજીરમાં જકડાયેલા છીએ. જ્યાં પોતાના અને પારકામાં હંમેશાં ભેદભાવ રહ્યો છે. આજે આપણે નિઃસહાય વડીલોને જોઈને વિચારીએ છીએ કે એમની દુર્દશામાં જરૂર વહુની ભૂલ હશે, પરંતુ આપણે એ ભૂલી જઈએ છીએ એ પારકી વહુ છે. તો બાકી તો પોતીકા છે. જ્યારે પોતીકા જ સ્વાર્થની બેડી પર સંસ્કાર, પ્રેમ અને સંબંધોની કુરબાની આપીને પારકા બની જાય છે, ત્યારે વડીલો ખરા અર્થમાં અસહાય બની જાય છે.

જે બાળકોને માએ પોતાનું દૂધ પિવડાવીને મોટાં કર્યાં છે. તે જ બાળકો તેને એકાકી અને તિરસ્કારની અંધારી ગુફામાં ધકેલી દે છે.

પરંતુ હવે સંબંધોની પરિભાષા પણ બદલાવા લાગી છે. સાસુ-વહુનો જે સંબંધ હંમેશાંથી દુશ્મનીનું પ્રતીક માનવા આવ્યો છે, તે હવે બદલાતા સમયમાં પ્રેમનું પ્રતિક બની રહ્યો છે.

આજની સમજદાર અને જાગૃત વહુઓએ સાસુ અને માતા વચ્ચેના અંતરને મિટાવી દીધું છે, ત્યારે પોતીકાઓના વ્યવહારથી દુઃખી વડીલોએ પણ તેને સહર્ષ સ્વીકારી લીધું છે.

એકએક તણખલું જોડીને બનાવેલું ઘર જ્યારે સાસુ એક ક્ષણમાં ખુશીથી વહુને સોંપી દે છે ત્યારે વહુની ફરજ બને છે કે તે સાસુને કોઈ પણ સ્થિતિમાં ખુશ રાખે. આજની દોડધામવાળી જિંદગીમાં પતિ-પત્ની બંને નોકરી કરતાં હોય છે ત્યારે સમયનો અભાવ હોય એવું બની શકે, પણ ચોવીસ કલાકમાંથી થોડીક ક્ષણો પણ તમે તમારાં સાસુ સાથે પસાર કરશો તો તમારા બંનેના સંબંધમાં પ્રેમ-લાગણી વધશે તેની સાથે તમારું ભવિષ્ય પણ મજબૂત બનશે, કારણકે આજે તમે જે વાવશો તે આવતી કાલે તમારાં સંતાનરૂપે સામે આવશે.

રોજિંદા કામ દરમ્યાન સાસુને પણ સાથી બનાવી લો. તો તેમની મદદથી તમે રસોડાનું કામ તો જલદી પૂરૂ કરી લેશો, તેમના અનુભવી હાથે બનાવેલા ભોજનને સ્વાદ પણ મળી જશે, પરંતુ તે પછી તેમના વખાણ કરવાનું ન ભૂલતાં અને તે સાથે તેમની પાસેથી રસોઈ શીખીને તેમાં પારંગત બનવાની તક પણ ન ચૂકતાં. એથી તેમને પણ ઘરમાં તેમની ખાસ ઉપસ્થિતિનો અહેસાસ થતો રહે.

સાસુને ખુશ રાખવા માટે તમે સમયાંતરે તેમની સલાહ અચૂક લો જેથી તેમને મહેસૂસ થાય કે તેમની સલાહ તમારા જીવનમાં કેટલું મહત્ત્વ ધરાવે છે. તેનાથી તમારા અને તેમનાં સંબંધને મજબૂત આધાર મળવા ઉપરાંત તેમના જીવનના અનુભવોમાંથી તમારું જ્ઞાન પણ વધશે.

ખરીદી કરવા જાવ ત્યારે ક્યારેક સાસુને પણ તમારી સાથે લઈ જાવ અને ખરીદી કરતી વખતે તેમની સલાહને મહત્ત્વ આપો. કોઈ નવું કામ શરૂ કરવા જઈ રહ્યા છો અથવા ઘરની સાજસજાવટમાં કોઈ પરિવર્તન લાવવું હોય ત્યારે તેમની સલાહ અચૂક લો. વિશ્વાસપૂર્વક કહું છું કે તમારી આ નાનકડી પહેલ તેમને આનંદથી તરબોળ કરી દેશે.

દર વર્ષે તમે રજાઓમાં તમારાં પતિ અને બાળકોની પસંદ પ્રમાણે ફરવા જવાનો પ્રોગ્રામ બનાવો છો, તો તમે ક્યારેક તમારાં સાસુની મનગમતી જગ્યાએ લઈ જઈ તેમને સરપ્રાઈઝ આપો. એ પછી જુઓ તેમની નીરસ જિંદગીમાં શક્તિ અને સ્ફુર્તિનો સંચાર થશે.

સાસુ-સસરાના જન્મદિવસ, લગ્નની વર્ષગાંઠ અને મધર્સ ડે પર તેમને અભિનંદન અને ગિફ્ટ જરૂર આપો. સમવયસ્ક બહેનપણીઓને બોલાવીને નાનકડું ગેટ-ટુ-ગેધરનું આયોજન કરો. તે દિવસે તમે તેમની ગમતી વાતો બધા સાથે શેર કરો અને પાર્ટીમાં તમારાં પતિ અને બાળકોને પણ સામેલ કરો. યાદ રાખો ગિફ્ટની કિંમતથી વધારે તેમના માટે તમારી લાગણી વધારે મહત્ત્વની હોય છે.

વડીલો ખાવાની વાનગીઓ જોઈને પોતાને રોકી શકતા નથી. તેથી ઘણી વાર તેમની તબિયત બગડે છે. તો તેમની ઈચ્છાને માન આપીને તેમની પંસદગીનું મીઠું અથવા નમકીન ખાવા આપો, પણ લિમિટમાં. પાછળથી તેમને પ્રેમથી તેમના આરોગ્ય પ્રત્યે જાગૃત કરવાનું ન ભૂલો.

ભૂલથી પણ કડવા શબ્દો ન બોલો. બાળકોને સારા સંસ્કાર આપો. ધ્યાન રહે કે તેઓ દાદા-દાદી, નાના-નાની બધાને પૂરું માન આપે. તેમની અવગણના ન કરે તે માટે જરૂરી છે કે તમે પણ સાસુ-સસરાના ઠપકાને સહજતાથી લો.

સાસુ આપણાં માર્ગદર્શક છે, તેમના ઠપકામાં પણ આપણું ભલુ છુપાયેલું હોય છે. તેઓ આપણાને ખૂબજ પ્રેમ કરતા હોય છે, માટે ભૂલો પર ઠપકો આપવાનું ચૂકતાં નથી. જેથી ભૂલોમાથી શીખીને આપણે ઘરમાં એ સ્થાન મેળવી શકીએ જે તેમને ઘણી મુશ્કેલી બાદ મળ્યું હોય છે.

પરંતુ આ હેતુ સમજવા માટે આપણાને સાસુ અને માતા વચ્ચેનું અંતર દૂર કરવું પડશે.

- બેરાજા

મો. : ૯૩૨૨૨ ૨૨૪૦૦

# વાત છે મારી-તારી-આપણી

✲ શાંતિલાલ ગઢિયા ✲

## કામ પ્રત્યે નિષ્ઠાનો અભાવ

દિવસના ચોવીસ કલાકને આપણી રોજિંદી પ્રવૃત્તિઓમાં વહેંચીએ તો નીચે પ્રમાણે ત્રણ ભાગ પાડી શકાય:

- આઠ કલાક વ્યવસાય / નોકરીના.
- આઠ કલાક ખાવું-પીવું, મનોરંજન તથા ઇતર પ્રવૃત્તિના.
- આઠ કલાક ઊંઘના.

છેલ્લા બે વિભાગોને તો આપણે પૂરતો ન્યાય આપીએ છીએ. કોઈ કચાશ રહેવા દેતા નથી. અન્યની દખલગીરી પણ એમાં ચાલતી નથી. મુખ્ય મુદ્દો છે પહેલા વિભાગનો. સોંપેલું કામ કરવામાં આપણા મોતિયા મરી જાય છે. મોં મચકોડીએ છીએ. શું આપણે કામ પ્રત્યે વફાદાર છીએ ? મારા મિત્રને થયેલો અનુભવ જણાવું.

સરકારી કચેરીમાંથી એમને એક સર્ટિફિકેટ લેવાનું હતું. ટેબલ પરના ભાઈએ તિજોરીમાંથી મિત્રના નામવાળું સર્ટિફિકેટ કાઢી કહ્યું 'તમે બહાર બેન્ચ પર બેસો. હું બોલાવું છું. મારે એની ઝેરોક્ષ-નકલ કઢાવવી પડશે.' મિનિટો પર મિનિટો જતી હતી. આખરે મિત્રની ધીરજનો અંત આવ્યાો. તેઓ અંદર ગયા. પેલા ભાઈને પૂછ્યું, 'થઈ ગઈ ઝેરોક્ષ ? પેલા ભાઈએ કહ્યું, 'અરે, પટાવાળાને બૂમ પાડું છું, પણ આવતો નથી.' પછી નાટકીય રીતે એમણે પટાવાળાને હાંક મારી. એ સાહેબ કરતાં ચાર ચાસણી ચડે એવો હતો. ચા કરતાં કીટલી ગરમ ! પટાવાળો કહે, 'સાહેબ, વાર લાગશે. અંકલને બેસવા કહો. આવું છું હમણાં સર્ટિફેકેટ લેવા'. સાહેબે ગુસ્સાનો ડોળ કર્યો. મિત્ર ત્યાંજ સામેની ખુરસી પર બેસી રહ્યા. પટાવાળો પોતાની ફુરસદે આવ્યો અને સર્ટિફિકેટ લઈ ગયો.

અદના નાગરિકની તપશ્ચર્યાનો અંત હજુ આવ્યો નહોતો. ઝેરોક્ષવાળાની દુકાન ઑફિસની બહાર નજીકમાં જ હતી. પટાવાળાએ ઝેરોક્ષ કરાવી પણ નાખી હશે, પણ પ્રજાને સંતોષ આપવો એ તો એના 'સિદ્ધાંત'ની વિરુદ્ધ કહેવાય. મિત્ર લમણે હાથ દઈ બેસી રહ્યા. પૂરા અડધા કલાકે મહાપુરુષની પધરામણી થઈ. સાહેબના ટેબલ પર રુઆબથી સર્ટિફિકેટ અને નકલ પછાડીને મૂક્યાં. આશ્ચર્ય અને દુઃખની વાતએ હતી કે સાહેબ મરકમરક હસ્યા અને પટાવાળા સામે આંખ મીચકારી. કદાચ એમાં એવો સંકેત હશે કે આવનાર દક્ષિણા ન આપે તો આટલું સહન કરવું ય પડે ! મિત્રે દુઃખ સાથે વિદાય લીધી. તેઓના મનમાં એક પોકાર ઊઠ્યો, 'ભગવાન, મને દોજખ મંજૂર છે. આવી કચેરી નહિ'.

જો એંશી વર્ષના સિનિયર સિટિઝનની આ હાલત થતી હોય તો જુનિયરોનું શું થતું હશે ? કલ્પના ધ્રુજાવી મૂકે છે.

વડોદરા - ૩૯૦૦૦૨
ફોન. ૦૨૬૫-૨૭૫૦૨૭૫

# ॐ ઇગ્નોરાય નમઃ

(હરદ્વાર ગોસ્વામીની રચનાનો રસાસ્વાદ નો નમ્ર પ્રયાસ)

❊ રાજુલ પીયૂષ દેઢિયા ❊

પૂ. મોરારિબાપુએ આ જીવનની કેટલીક વાસ્તવિકતાઓ સામે લડવા માટે આપેલ એક સરળ સૂત્ર અને એના પર કવિ હરદ્વાર ગોસ્વામી દ્વારા કૃત આ રચના

*નોંધ ન લે જો કોઈ તમારી,*
*તારાથી જો જાય તું હારી,*
*લોક જુએ જો ધારી ધારી,*
*પકડ નહીં તું કેડ કટારી.*
*ॐ ઇગ્નોરાય નમઃ*

ક્યારેક સંજોગો સામે, ક્યારેક વિપરીત પરિસ્થિતિમાં હારી જાઓ. ઊગતા સૂરજને પૂજનાર આ જમાનો, કદાચ તમારી નોંધ ન લે. હિંમત તૂટે, ધીરજ ખૂટે, ત્યારે કેડ કટારી ન ઉઠાવો. કમર કસો. ક્યારેક આગળ છલાંગ લગાવવા એકાદ-બે ડગલાં પાછળ જવું પણ પડે. જ્યાં સુધી પ્રયત્ન છોડ્યા નથી, તમે હાર સ્વીકારી નથી ત્યાં સુધી તમારી હાર નથી. બસ આવા સમયે એક જ વસ્તુ જરૂરી છે, કડવી વાતો, વસમા વેણ, વીંધતી નજરો, બધાને *ॐ ઇગ્નોરાય નમ :*

*સળી કરીને માળો વીંખે,*
*ચોર ભી કોટવાલ કો ચીંખે,*
*લોક આપણી વાતો પીંખે,*
*નયી કહાની હરપલ લીખે.*
*ॐ ઇગ્નોરાય નમઃ*

હળીમળીને રહેવાને બદલે સળી કરીને રહેતો આ જમાનો. ચોરી પર સીનાજોરી કરતો આ જમાનો. તમારી કહાની સાંભળી એને મારી, મચડી તોડી, મરોડી, રોજ નવી પંચાતમાં પ્રચુર આ જમાનો. આ જમાનાની આ તકલીફનો ઘણી વાર એકમાત્ર ઉપાય *ॐ ઇગ્નોરાય નમઃ*

*તને મળે જો સૂરજ કાળો,*
*મળે નહીં તકદીરનો તાળો,*
*ના ગમતીલું આંખે ભાળો,*
*શું દફનાવો ? શું શું બાળો ?*
*ॐ ઇગ્નોરાય નમઃ*

જીવનમાં કેટલાય એવા પ્રસંગ આવે, જ્યારે સામે બાયું ચડાવી લડવું એટલે કોઈ ભૂંડ સામે કાદવમાં લડવું. બેઉ પક્ષ એકબીજા

પર કાદવ, કીચડ ઉછાળતા જાય. તમે કાદવમાં ખરડાતા જાવ અને સામે ભૂંડ એ કાદવનો આનંદ લેતો જાય. એવું પણ કહેવાય છે કે શ્વેત, સુંદર વસ્ત્રો પહેર્યાં હોય અને પછી તમે કાદવમાં પડો કે કાદવ તમારી પર ઊડે, બન્ને પ્રસંગમાં ખરાબ તો તમારાં કપડાં જ થાય.

એવું જ એક ઉદાહરણ ચપ્પુ સફરજન પર પડે કે સફફરજન ચપ્પુ પર, બન્ને કિસ્સામાં કપાવાનું તો સફરજનને જ છે. અને એટલે જ પૂજ્ય બાપુનું અને આ રચનામાં કવિનું સરળ ફરમાન ***ॐ ઇગ્નોરાય નમઃ***

***સુગંધ વચ્ચે ભીંત ચણીને,***
***ઊભો રહે જો હવા હણીને,***
***પ્રેમ પદારથ ફરી ભણીને,***
***દર્દ દાખલા નહીં ગણીને,***
***ॐ ઇગ્નોરાય નમઃ***

આ જીવન એટલે ડગલે ને પગલે સંઘર્ષ, રોજ સવારે નવી લડાઈ, એક સાંધો ત્યાં તેર તૂટે, એમ રોજ એક નવું ફ્રન્ટ ખૂલે, પણ દરેક લડાઈ જીતવી જરૂરી નથી. એનાથી એક ડગલું આગળ જઈએ તો દરેક લડાઈ લડવી પણ જરૂરી નથી. કેટલાંય એવાં પ્રશ્નો, કેટલાંય એવાં કોયડાઓ, કેટલાંય એવાં યુદ્ધ, તમારી માટે છે જ નહીં એ ન તમારા સ્તરના છે, ન તમારી મંજિલના. જે જરૂરી નથી, એવા વિવાદ, એવા વિખવાદ, એવી બબાલથી દૂર રહો.

જે તમારી દુનિયા નથી, જે તમારી મંજિલ નથી, જે તમારી રાહ નથી, એ બધાથી અલિપ્ત રહી, એક ગજરાજની જેમ, આસપાસનાં શ્વાનો પર એક નજર નાખો, અને બસ એક મંત્રનો ઉચ્ચાર કરી પસાર થઈ જાવ ***ॐ ઇગ્નોરાય નમઃ***

***ॐ ઇગ્નોરાય નમઃ***

- કુંદરોડી

---


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૫

# પગદંડી

અંક : ૦૯ ડિસેમ્બર ૨૦૨૨

*-: માનદ્ તંત્રીઓ :-*
**અશ્વિન માલદે, ચંદ્રકાન્ત નંદુ, સંજય છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળઃ શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**
૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

સુજ્ઞ મહાશયો...

આપ સહુ જાણો છો કે હવે દિવસેદિવસે મેડિકલ સારવાર, હોસ્પિટલ ખર્ચ બધું બહુ જ મોંઘાં થતાં જઈ રહ્યાં છે. સમાજનો ઓછી આવક ધરાવતો વર્ગ આ મુશ્કેલીમાં એકદમ હતાશ થઇ જાય છે અને તેમનું દૈનિક જીવન, વ્યવહાર ખોરંભાઇ પડે છે.

અન્ય એક તકલીફ છે કે, જે ઘણા વડિલોના દિકરા નથી હોતા, દીકરીઓ પરણી ગયેલ હોય છે અને આર્થિક પરિસ્થિતિ નબળી હોય છે, રિટાયમેન્ટમાં પૂરતી આવક નથી હોતી અને વૃદ્ધાવસ્થામાં અનાજ કરતાં મેડિકલ ખર્ચ વધી જાય છે.

તેમને મેડિકલની આર્થિક સહાય માટે વિવિધ સંસ્થાઓ સુધી પહોંચવા ટ્રાફિક, ગિર્દી, ટિકીટ ભાડાં, ફોર્મ લેવા ભરી ને આપવા કે મંજૂર થયે રકમ લેવા વગેરે માટે પણ કોઈ હોતું નથી અને બેમાંથી એક વ્યક્તિ હોસ્પિટલમાં હોય છે. આ ખરેખર ખૂબ જ કષ્ટદાયક અને માનસિક પીડા ઉપજાવે છે.

આ સર્વે બાબતોને ધ્યાનમાં રાખીને અમો આપણા ક.વી.ઓ. જૈન સમાજને એક યોજના બાબત અપીલ કરીએ છીએ દરેક એરિયા (વિસ્તાર)માં, એરિયાની જે લોકલ સંસ્થા હોય તેઓ અથવા એક નવી ''મેડિકલ હેલ્પ'' સમિતિ બનાવવી જોઈએ અને જો શક્ય હોય તો એક-બે ડૉક્ટરને પણ સાથે રાખવા જોઈએ. વડીલો સાથે યુવા સભ્યો પણ આ સમિતિમાં જોડાય અને થોડો સમય આપીને સમાજના આ વડીલ વર્ગને સહાય કરવામાં મદદરૂપ થઇ શકે.

**યોજનાઃ-** આપના વિસ્તારનાં સર્વે કુટુંબોની ઓછામાં ઓછી એક વ્યક્તિ જોડાય તેવા વૉટ્સએપ ગ્રુપ બનાવવા અથવા રૅકોર્ડ રાખવા. આ યોજના અંતર્ગત.. હાલમાં ત્રણ બીમારીને અગ્રતામાં મૂકી શકાય, જેમ કે ૧) એક્સિડંટ, ૨) કૅન્સર, અને ૩) હાર્ટએટેકમાં બાયપાસ કે અન્ય મેજર ઑપરેશન.

ઉપરોક્ત બીમારીઓને લઈને અરજી ફોર્મ બનાવવા, જે વૉટ્સએપથી જ મોકલાવી શકાય. જેમને પણ જરૂર પડે તેઓ તુરંત ફૉર્મ ભરીને કાર્યકરોને મોકલાવે. જરૂરી ડોક્યુમેન્ટસ જેમ કે, આધાર કાર્ડ, પેન કાર્ડ, ફોટો, રૅશન કાર્ડ, ઈલેક્ટ્રીક બીલ, મેઇન્ટેનન્સ બિલ અને બૅંકના ચૅકનો ફોટાને... વગેરે વૉટ્સએપ દ્વારા જ મંગાવી શકાય.

આપના વિસ્તારની જે કોઈ વ્યક્તિ જરૂરિયાતમંદ હોય અને તેમની અરજી આવે ત્યારે સમિતિના સભ્ય તેમની આર્થિક પરિસ્થિતિ, અને અન્ય ડોક્યુમેન્ટસ તપાસ

કરી લે અને બીજા સભ્યો ડૉક્ટર સાથે વાત કરી, હોસ્પિટલમાં દર્દીની શારીરિક સ્થિતિ, અંદાજિત ખર્ચ, લાઇન ઓફ ટ્રીટમેન્ટ, કેટલા દિવસ લાગશે, વગેરે બાબતોની તપાસ કરી, લોકલ વિસ્તારના ગ્રુપમાં અરજદારનું નામ, હોસ્પિટલ અને અંદાજિત ખર્ચ લખીને પોસ્ટ કરે.

વિસ્તારના સર્વે પરિવારોને આ વૉટ્સએપ ગ્રુપનો ઉદ્દેશ્ય સમજાવીને જણાવો કે જે કોઇ પરિવારની મેડિકલ સહાયની અરજી આવે તો જે લોકો દર્દીની સહાય કરવા ઇચ્છતા હોય તેઓ જ્યારે જ્યારે અરજી આવે ત્યારે આપની સંસ્થાના બેંક ખાતામાં ઓછામાં ઓછા ૫૦૦/- રૂપિયા મોકલાવે, અને સંસ્થાને તેમણે ભરેલ રકમની સ્લીપ, કે અન્ય રીતે જે રકમ ભરી હોય તેનો મેસેજ મોકલાવે.

દર્દી માટે માંગેલી રકમ પુરી થતાં મેડીકલ ટીમ તેજ વૉટ્સએપ ગ્રુપમાં જણાવશે કે માંગેલ રકમ પૂરી થયેલ છે, એટલે હવે કોઈ રકમ ભરે નહીં....(દરેક અરજીમાં ભરવું પણ જરૂરી નથી.) દરેક વિસ્તારમાં થોડા ઉદાર દીલ દાતાઓ તો હોય જ છે. જેઓ આવા માનવ રાહતના કાર્યમાં અને કોઈનું જીવન બચાવવા કે કોઇનું ઘર ઊભું કરવામાં પુણ્યના આ કામમાં સહાય કરીને પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરીને આત્મસંતોષ લઈ શકે છે.

જમા થયેલ રકમ ડાયરેક્ટ હોસ્પિટલમાં દર્દીના નામથી ઓન લાઇન કે જાતે જઈને જમા કરાવી શકાય. મેડિકલ સમિતિ આ યોજના માટે એક હાઇ-ટીનો પ્રોગ્રામ રાખીને, તેનો વૉટ્સએપ દ્વારા પ્રચાર કરીને મિટીંગમાં સહુને બોલાવી શકે. આ બાબતે આપના વિસ્તારના જે ઉદાર દીલ દાતાઓ હોય તેમને વ્યક્તિગત રીતે મળીને તેમના નામ અને દરેક અરજીમાં તેઓ સહભાગી થશે એવી બાંયધરી લઈને, તેમનું સન્માન વગેરે કરીને સહુને પ્રેરણા આપી શકાય.

આમ દરેક વિસ્તારમાં, લોકલ સંસ્થા અને મેડિકલ ટીમ જો તૈયાર થઈ જાય તો, દર્દીના પરિરારના સભ્યોને સંકટના સમયે દોડભાગ અને ટેન્શનથી રાહત આપી શકાય. તેમને દૂરદૂર અને વિવિધ સંસ્થાઓમાં આવ-જાવ, ધક્કા ખાવા કે મુસાફરી, તેમજ ઘણી વખત દર્દીની નજીકની કોઈ વ્યક્તિ આ કાર્ય માટે હોય નહી તો આ બધી બાબતોથી થતી તકલીફોથી તેમને રાહત આપી શકાય છે.

આશા છે કે સમાજના યુવાનો અને ઉદાર દિલ દાતાઓ આ બાબતે જરૂર વિચારણા કરશે.

નોંધઃ- અમો બિદડા ગામના ક્યાંય પણ રહેતાં ક.વી.ઓ. જૈન ભાઈ-બહેનો માટે આવી એક યોજના ચલાવીએ છીએ, ''ભાંઢરૂએં કે હથ'' જેમાં એક્સો દાતાઓનું એક ગ્રુપ એવાં ત્રણ ગ્રુપ છે, જેમાં જ્યારે કોઈ અરજી આવે, અમો વારા ફરતી એક ગ્રુપમાં તે પોસ્ટ કરીએ છીએ, અને એકસો દાતાઓ (કોઇ બે ત્રણ કે વધુ નામો પણ હોય છે) એક નામ દિઠ ફક્ત ૨૫૦/- રૂ. જે તે દર્દીના ખાતામાં બે થી ત્રણ દિવસમાં ભરે છે, અને તેની રસીદ અમોને વૉટ્સએપ પર પોતાના દાતા ગ્રુપમાં જ મોકલાવે છે, આમ દર્દીના ખાતામાં

૨૫,૦૦૦/- રૂપિયા જમા થઈ જાય છે. જેમને આ મદદ જોઇતી હોય તેઓ અમારા કોઇ પણ એડમિનને ફોન કરે અમો તેમને વૉટ્સએપ પર જ ફોર્મ મોકલાવી આપીએ છીએ. કોઈ પણ વ્યક્તિને ક્યાંયે પણ ધક્કો ખાવો પડતો નથી. તેઓ ફોર્મ અને જરુરી ડોક્યુમેન્ટસ વૉટ્સએપ દ્વારા જ મોકલાવી આપે છે. પછીથી તે સર્વે ડોક્યુમેન્ટસ અમારા ફાઇલીંગ રેકોર્ડ માટે કુરીયર દ્વારા મોકલાવી આપે છે.

આભાર જય જિનેન્દ્ર!

**દિનેશ ગોગરી - કન્વીનર ૯૮૨૧૦૪૯૨૬૭**
**દિપેશ છેડા - એડમિન ૦૯૮૩૩૧૬૮૫૨૦**

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

**''વણપોંખાયેલા દેશભક્ત કચ્છીઓની ન્યોચ્છાવરી''**

ત્રણેક વર્ષ અગાઉ અમદાવાદ ક.વી.ઓ. સમાજ તરફથી પ્રસિદ્ધ થતા માસિક ''મંગલમંદિર'' તથા હાલે ''પગદંડી''નાં સપ્ટેંબર, ઑક્ટોબર, નવેંબરનાં અંકમાં પ્રવીણચંદ્ર શાહની લેખમાળા ''વણપોંખાયેલા દેશભક્ત કચ્છીઓની ન્યોચ્છાવરી'' વાંચી. શ્રી વેરસીભાઈ છેડાની દિલધડક હકીકત વાંચી કોઈનાં પણ રુંવેરુંવા ઊભાં થઈ જાય. આવા ઉચ્ચ કોટીના દેશભક્તની દેન કચ્છી સમાજે ભારતને આપી છે જેથી પ્રત્યેક કચ્છીની છાતી અભિમાનથી ગજગજ ફૂલે છે.

શ્રી વેરસીભાઈનો પ્રખર દેશપ્રેમ, નીડરતા, સાહસિકતા, અદમ્ય ઈચ્છાશક્તિ, નિર્મોહી-નિર્લેપવૃત્તિ, કુરબાની બધું જ અતુલનીય છે. ધન્ય છે એમનાં માવિત્રોને જેમની કૂખે આવું રત્ન અવતર્યું.

તેઓશ્રી મારા નજીકના મામાઈ સસરા થતા હતા. સાંગલી શહેરનાં મારા ઘરે એમનું નામ આદરપૂર્વક લેવાતું, પણ આશ્ચર્યની વાત તો એ છે કે તેઓ સ્વાતંત્ર્ય સૈનિક હતા એની જાણ કોઈને જ ન હતી. પૂ. વેરશીમામાનો સ્વભાવ નક્કી પ્રસિદ્ધ પરાણમુખ હશે એવું અનુમાન કરી શકાય. એમના સુપુત્ર સ્વ. મંગલભાઈ સાથે અનેક વાર મળવાનું થયું હતું, તોય... પૂ.વેરસીમામાનાં પૌત્ર શ્રી પંકજભાઈ હાલે સાંગલી નગરે સમાજાભિમુખ કાર્યમાં અગ્રેસર છે. શ્રી વેરસીભાઈ છેડાની પવિત્ર સ્મૃતિને કોટીકોટી વંદન.

શ્રી પ્રવિણચંદ્રશાહ તથા ''પગદંડી'' ને ધન્યવાદ.

- શાંતા ધનજી ગાલા
(કોલ્હાપુર)

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

મિઠા

કાને-મંતર (કાનો-માત્રા) વિગરજેં કચ્છી શબ્દજી જાતરામેં પાં ''વકલ''જા ત્રે અરથ કઢ્યા તેમેં (૧) જાત, (વરાયટી) (૨) જથ્થો (Stock) પકા ને (૩) નમૂનૂં (સેંપલ) પણ કધાક ખરો ઊતરે એંડો, હાણે ઇગીયા પગ મંઢીયૂં....

(૧) વખત પું. વખત (m.) Time

(વાક્ય) ''ધરમ તાં કેણૂં આય પણ ધંધે પુઠીયા વખત કિડાં આય?''

૨) વખતઃ પું. જમાનો (m) Period

(વાક્ય) ''અજ વખત ખાસો નાંય, માડૂકે માડૂ તેં જ ભરોંસો નાંય''.

૩) વખત : પું. તક, મોકો (m) Chance

(વાક્ય) ''વખત અચીંધો તડેં અસી પણ આંકે કરી વતાઈબો.''

વખત શબ્દ કીં જેડોતેડો (મામૂલી) આય? હી ત્રે અરથ તાં પાં રોજ વાપરીઉં તા સે, પણ બ્યા ત્રે-ચાર અરથ પણ અચા અંઈ. જુકો, પાંકે તેરઇં જાધ ન પેં, પણ પાં વાપરીયૂં ત તા. ઊ વરી આવતે મેણે નૅરીબો!

**પનપટી :**

વખત કે પાં ભૂલંધા વ્યાસીં તીંતી ઈંગરેજી જો ''ટૅમ'' કચ્છી ભની પાંજી જિભાનતે રમંધો થિઈ વ્યો આય! પાં વખતકે જાધ કેલા વિઓત ''ટૅમ'' જ વિચ મેં અચી પાંકે વિરચાય તો ! કચ્છીમેં પાં ચોં પ્યા, 'ટૅમ ટૅમ' જી કિંમત આય ! પણ ઈ ''સમય બડા બલવાન હૈ'' જો કચ્છી (આગવો) રૂપ આય સે પાંકે જાધ આય? એંડી જ બિઈ ચૉવક આય, ''ટાણોં થીયે સે નાણોં ન થીયે'' (અવસર જે થાય તે પૈસા દેવાથી પણ ન થાય)

હી ચૉવક એંડ્યૂં અંઈ જુકો સહજ સરળ ભાવસે બોલાજેં ત્યૂં ને પાંકે ખબર નતી પે જે પાં ભાસા જે હિકડે ચૉવક જેડે અમૂલ્ય ઘરેણે કે-અલંકારકે પાંજી ભાસામેં પ્રયોજીને પાંજી ભાસા જી સોભા વધારી યા અઈયું.

વડા માડૂ પિંઢકે વડા ન ચેં ન કરીયેં વડોડાઈ. ચૉવકૂં પણ ભાસાજે વડે ઘરજ્યૂં વંશજ અંઈ સે કીં વડોડાઈ કીં કરીએં?''

- વિશન

## હસના સીખ લે

લૂટ સકે ના ઈસકો કોઈ માર સકે ના ઉસકો કોઈ,
અગર નીંદે જો યુંહી સોઈ તો સમજ જા જિંદગી તુને ખોઈ.

દિન ઢલા હસેગા કબ ? ક્યા અયે જનાજા જબ?
ભૂલ જા ક્યા સોચે અબ ? મિલેગી ખુશી હસેગા તબ.

હાસ્ય સબકે આંસુ પીતા સુખ દુઃખ સબકે જીવન રહેતા,
સમજ સોચ સબસે કહેતા બીના હસે તુ કૈસે જીતા?

હાસ્ય ભર દો જીવન સારા ન દુઃખકા કભી હોગા મારા,
આકાશ દેખ ક્યા કહે તારા બાદલ કર મન બહા દે ધારા.

યે કામ અગર જો કર જાયેગા 'પ્રેમ', સે ઈતના ભર જાયેગા,
ચુપ રહેકર અગર ડર જાયેગા બીના હસે તુ મર જાયેગા.

હસના જીવન સ્વર્ગ સમાન બીના તીર ક્યા કરે કમાન?
દુઃખ કે ચાહે આયે તૂફાન હાસ્ય તો ઉસકા કરે સન્માન.

બીના ધન તુજે ચલ જાયેગા બીના હસે ના કુછ પાયેગા!
હસીકા ખજાના અગર લાયેગા ફિર કભી નહીં પસ્તાયેગા.

હસો ઔર હસાઓ સબકો મિલકર યાદ કરો તુમ ઉસકો,
અગર વિશ્વ એક હો જાયે 'પ્રેમ' તબ ખુશ હોતે દેખા રબકો!

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

✤ ✤ ✤ ✤ ✤

માડૂમેં સાંઆયજો છંઢો ન વે,
ત વલપજી વતર સુકી વિએ.
વતર વોણી ઇન કૂરી કાયામેં,
ફૂલ ફુટરે પ્રેમજો પોય કીં ઉગે?
''અગમ''

## માડૂ ધોડૅતો

આઉં પુઠીયા ન રૈ વિના
ઇતરે માડૂ ધોડૅતો.....
મૂંથી કો અગીયા ન વધે
ઇતરે માડૂ ધોડૅતો.....
ખબર ન માડૂ કુલાય ધોડૅતો....

ઢીંગલા ભેરા કયલા લુછે તો
સઠ કે પ લઠ વિજી માડૂ ધોડૅતો
ખબર ન માડૂ કુલાય ધોડૅતો....

લિખ વાર પ સાંતિ નાય જીવ કે
કુધરત સામુ પ બજી માડૂ ધોડેતો
ખબર ન માડૂ કુલાય ધૉડેતો....

પુઆઈએં મિલ્યો માડૂ અવતાર
સચે ધરમ કે તજી માડૂ ધોડૅતો.
ખબર ન માડૂ કુલાય ધોડૅતો...

સંસાર અસાર સમજી ગિંન 'હિના'
વિઆય જમાર સજી માડૂ ધોડૅતો.
ખબર ન માડૂ કુલાય ધોડૅતો....

હિના ભેદા... 'હિના'

✤ ✤ ✤ ✤ ✤

હિતે કુપાતરેં જી કમી નાંય,
ઘાયલ કે પણ ઘા ડીએંતા.
સઘા તા સમજી હલેં પ્યા,
પણ માંધે કે કિત નેરીએંતા.
''અગમ''

## મારી ગઝલ

મૌન મમળાવ્યા કરે મારી ગઝલ
ને પછી બોલ્યા કરે મારી ગઝલ.

દર્દ દિલનું પાંપણો પર ઉતરે.
અશ્રુઓ લૂછ્યા કરે મારી ગઝલ.

જો જવાબો લાગણીથી ના મળે.
પ્રશ્ન બસ પૂછ્યા કરે મારી ગઝલ.

મેઘલી મધરાત શમણાં આવશે.
યાદમાં ઊંઘ્યા કરે મારી ગઝલ

ખીલતું ઉપવન લતાને ફુલથી.
રસ ભ્રમર ચૂસ્યા કરે મારી ગઝલ.

કાગળે અક્ષર મહેકતાં 'દિવ્ય' છે.
આ કલમ સૂંઘ્યા કરે મારી ગઝલ

✤✤✤✤✤

## ના'ક નંગારા

ના'ક નંગારા વજાઈ ટાલ તોં.
કર નજર સામે ઉતરધે ફાલ તોં.

મંઢ ખાતેમેં હિસાભ જમા ઉધાર.
ઢિગ વડો ડિસજે વિછલ ઉન પાલ તોં.

તેલ ન્યારી તેલજી ઊ ધાર ન્યાર.
નાગ ડુલંધો મોરલીજે તાલ તોં.

બોલ ખાસા નોં વરી અભરા પ વોં.
આંધરી મિંજા ઊ નિકરલ છાલ તોં.

ને સવાલેં સે જભાભ જુડેં નતા.
'દિવ્ય'આય મધાર પ સચી ગાલ તોં.

- દિવ્યા દેઢિયા 'દિવ્ય'

## ખેપ

ખેપ જિંધગીજી,નો પગ ડિને બ,
જિભ ડિને હિકડી ને સવાડ ડિને છ.

મસ્તીમેં અસીં હલ્યાસીં, આંજા સોં,
અલગારી મૉજમેં, રસ ચખેયા નોં,

કિન વાટ હલણૂં-છડણૂં કેં કે
મિજારાજી હિચબિચ ને ડિંસાઊં વીયૂં ડો.

ભાન ભુલીને સટ કઢઈ અવરી વાટ,
સવરી કેંધે કેંધે કિતરેં વીએં થ્યા સૉ.

ખેપ પૂરી થીંધી ક રોંધી અધૂરી,
મનજી સિસવિસમેં થીંધા ઊનઈ-વી.

ઈંય જ હલંધે, અટકબો ઉતે કાશી.
ઉન જ અક્ષરવાસ તેં પૂરી થીંધી ચોર્યાસી

✤✤✤✤✤

## પંખી દરિયાપારના

એ,
પંખી,
પરોઢે,
પંચપ્રાણ,
પાંખમાં ભરી,
પારકે મુલક,
પાણીકાંઠા સજાવે,
પરિવાર સંગોપન,
આવે વિઝીટર વિઝા લૈ,
ફરીને ઉડતાં દરિયાપાર

- ભાનુબેન સાવલા

## ઘટમાળ બદલતી થાવે

શશી પૂનમે ચમકતો થાવે
અમાસે એનો લય થઈ જાવે

માનવે જીવને સમજી લેવું
સુખ પછી વારો દુઃખનો આવે

કાળાં ભમ્મર વાદળાં ભાળતાં
ચંદ્રના પ્રકાશ પ્રગટાવે

પલભરમાં વાદળા હટે ને
શશી ફરીથી પ્રકાશ રેલાવે

'લઘુગોવિંદ' સમજી હેતુ
ઘટમાળ બદલતી થાવે.

✤✤✤✤✤

## ઘરડા ગાડા હાંકે

ખોટા રાહે યુવાનોથી ચડાય,
વૃદ્ધોની વાતો ના સ્વીકારાય.

પછી જ્યારે દુઃખથી ઘેરાય,
તે વેળાએ બહુ પસ્તાય.

ઘરડા ગાડા વાળતા થાય,
સંકટ વેળા બચાવી લેવાય.

અનુભવથી જીવન ઘડાય,
ઘરડા માનવ તેથી સોહાય.

'લઘુગોવિંદ' જાગૃત થવાય,
વડીલ જનોનું માન સચવાય.

-લઘુગોવિંદ

## ચિંતા છે પાનખર

માનવ સદા ચિંતામાં સરનારો,
ચિંતાથી કાર્ય સિદ્ધ ના થનારો.

ચિંતાને તો પાનખર ધારો,
સાચી સમજથી દૂર એને સારો.

ચિંતા જીવને ઉધઈ થનારી,
મનની સુખ શાંતિ ખાઈ જનારી.

ચિંતાથી માનવ સુખ ના પાવે,
દુઃખની દરીમાં ધકલાઈ જાવ.

'લઘુગોવિંદ' કરો ચિંતન,
ચિંતાબોથી મુક્ત થઈ જાય મન.

✤✤✤✤✤

## ચડે ધર્મ રંગ

મળી જાય જો જીવને જ્ઞાન,
કરવું ના એનું અભિમાન.

વહાવવી સુધા ભરી વાણી,
જેથી પામે સૌ સુખની લ્હાણી.

ફૂલવું ના પામીને સુખ,
હિમ્મત રાખવી મળે જો દુઃખ.

બનવું ના જીવને સ્વાર્થી,
શાંતિ પામે જીવ પરમાર્થી.

કરવો સદ્‌ગુરુનો સંગ,
'લઘુગોવિંદ' ચડે ધર્મ રંગ.

-લઘુગોવિંદ

## ચેતીને ચલાય

કાયાનું કોડિયું કાચું જણાય,
ક્ષણવારમાં એ તો ફૂટી જાય.

ભરોસો એનો કદી ના કરાય,
ક્યારે એ મરણ શરણે જાય.

પર્ણાનું જળબિંદુ એ ગણાય,
ક્ષણજીવીને તરત ઉડાય.

કાળાં વાદળાં આભલે ઘેરાય,
વાવાઝોડું આવતા વિખરાય.

'લઘુગોવિંદ' ચેતીને ચલાય,
મળેલી ક્ષણે ધર્મ કરી લેવાય.

-લઘુગોવિંદ

✤✤✤✤✤

## જિંદગી

સદા ખડે પગે રાખે છે,
પગ વાળી બેસવા નથી દેતી જિંદગી.

માયૂસીનો નકાબ રાખે છે વદન પર,
ખુલ્લા મને હસવા નથી દેતી જિંદગી.

હાલત છે પિંજરે પુરાયેલા પંખી જેવી,
મુક્ત ગગનમાં વિહરવા નથી દેતી જિંદગી.

સૂકવી નાખી દિલમાંથી અશ્રુની સરિતા,
હરખનાં બે આંસુ સારવા નથી દેતી જિંદગી.

સજાવેલાં સપનાં સપનાં રહી ગયાં,
સાકાર એક પણ થવા નથી દેતી જિંદગી.

ઠરીઠામ થયા ન થયા ને ખતમ થઈ જાય,
સુખેથી અહીં નથી જીવવા દેતી જિંદગી.

## હલૉ ન....વ્યોં

'ષષ્ઠીપૂર્તિ'ત થઇ, પૉણી વિઇ પા રિઇ,
હલૉ ન હાણેં લિખ, પગવારી નેં વ્યોં.

છડ્યૉ મિડે પીડા જિજી વિઇ નેં થોડી રિઇ,
હલૉ ન હાણેં લિખ, પગવારી નેં વ્યોં.

જભાભધારીયૂં ત અચીંધીયૂં નેં વેંધીયું,
કડેં ન સા, ખણી સગબો નિવરા થિઇ,
હલૉ ન હાણેં લિખ, પગવારી નેં વ્યોં.

થે વારો હૂંધો સે ત, થઇ નેં જ રાંધો,
''પડશે તેવા દેવાશે'' નૅર્યું મિડે સાંત થઇ,
હલૉ ન હાણેં લિખ, પગવારી નેં વ્યોં.

વરે જા વરે નિકર્યા, ખિડધે ખિડધે,
નિધરૉખીનેં હિકડે બે કે નૅર્યા પ નઇ,
હલૉ ન હાણેં લિખ, પગવારી નેં વ્યોં.

કુધરત જો પાડ, બૉય ભિતૂં ભેગીયૂં અઇયૂં,
જાધ કબો ડીં 'કુસુમ', પૅલે મિલણજા વિઇ,
હલૉ ન હાણેં લિખ, પગવારી નેં વ્યોં.

હિન ભવ હૅડો, માનવ ડેહ મિલ્યો,
બધી ગિનૂં પરભવ લા કીં ભતો ભિઇ,
હલૉ ન હાણેં લિખ, પગવારી નેં વ્યોં.

- કુસુમ ગાલા ''કુસુમ''(ભોજાય)

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ ઑક્ટોબર ૨૦૨૨ થી તા. ૩૧ ઑક્ટોબર ૨૦૨૨)**

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વાચાદાન : ✪ અવયવદાન : ✷**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ગિરીશ લખમશી આસારિયા નાગડા | ૪૯ | વિંઢ | નાલાસોપારા |
| મંજુલા નેમજી મુરજી ફુરિયા | ૬૮ | બિદડા | વડાલા ✪ |
| જ્યોતિબેન (સ્વ. લક્ષ્મીબેન ભીમશી દેવરાજ રતાડિયા ગણેશની પુત્રી) | ૭૧ | - | ભાવનગર |
| મણિલાલ ખીમજી ઘેલા છાડવા | ૭૩ | બાડા | અમદાવાદ |
| રસિક હંસરાજ હીરજી ગાલા | ૭૫ | વડાલા | રાયપુર |
| ગં.સ્વ. સુશીલા શામજી નાનજી છેડા | ૭૮ | પુનડી | પનવેલ |
| નિર્મળાબેન ડુંગરશી શામજી દેઢિયા | ૭૮ | ભોરારા | ભુજ |
| ચારૂલતા ભવાનજી કરમશી ભેદા | ૮૨ | સમાઘોઘા | સાંતાક્રુઝ |
| હરિલાલ ધારશી નરશી દેઢિયા | ૭૫ | ભુજપુર | બોરીવલી |
| અમૃત મગનલાલ વેલજી સાવલા | ૬૦ | કોટડી (મહા) | વાપી 👁 |
| શાંતિલાલ વીરજી લાધા ભેદા | ૭૫ | બેરાજા | મીરા રોડ |
| લીલબાઈ ડુંગરશી કુંવરજી ગોસર | ૮૧ | માપર | નાલાસોપારા |
| સાકરબેન અમૃતલાલ નાનજી નંદુ | ૮૫ | મુંદરા | વાશી |
| હિતેન વશનજી શામજી વીરા | ૬૦ | નાના ભાડિયા | અંધેરી |
| રમણીક મેઘજી માણેક કેનિયા | ૬૯ | બારોઈ | ડોંબિવલી |
| અ.સૌ. પ્રમીલાબેન મેઘજી ખેરાજ શેઠિયા | ૭૮ | કારાઘોઘા | મલાડ |
| ભાવેશ (નાનાભાડિયાના રસીલાબેન ધનજી નાનજી રાંભિયાના જમાઈ | ૪૪ | - | કોડાય |
| સ્નેહા જિગર રામજી ગડા | ૪૪ | રાયણ | કાંદિવલી |
| હેમલતાબેન વેલજી નાનજી માલદે | ૬૭ | લુણી | કાંદિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મીનાબેન કિશોર બાબુલાલ શાહ | ૫૭ | નાના ભાડિયા | ગોરેગામ |
| મા. કેસરબેન રસિકલાલ વેલજી બૌઆ | ૬૭ | લુણી | કાંદિવલી |
| અ.સૌ. નિશાબેન અમૃતલાલ પાસુ ગાલા | ૫૯ | ગોધરા | ચેમ્બુર |
| મિલન નરેન્દ્ર લીલાધર ગડા | ૬૫ | મંજલ રેલડિયા | માટુંગા |
| નિર્મળાબેન મણિલાલ ધારશી સતરા | ૭૨ | ગુંદાલા | ડોંબિવલી |
| દામજી લાલજી ડાહ્યા નાગડા | ૭૪ | મોથારા | ભાઈંદર |
| જયવંતી કાંતિલાલ ખીમજી દેઢિયા | ૮૧ | નાની ખાખર | મુલુંડ |
| લક્ષ્મીચંદ હીરજી લખમણ ગાલા | ૮૪ | કોટડી (મહા) | ડોંબિવલી |
| નિતીન રણશી પુનશી લાલન | ૬૦ | મોટા આસંબિયા | મીરા રોડ |
| કલ્યાણજી ખીમજી નથુ મારુ | ૬૪ | ત્રગડી | ડોંબિવલી |
| મંજુલા મુલચંદ પ્રેમજી વિસરિયા | ૭૩ | બાડા | ડોંબિવલી |
| ચંચળબેન લાલજી મેઘજી રાંભિયા | ૭૫ | રામાણિયા | વિરાર |
| જીવીબાઈ વશનજી દેવજી દેઢિયા | ૮૭ | વડાલા | ભાંડુપ |
| વરુણ મનીષ નેમજી છેડા | ૨૦ | કુંદરોડી | અમેરિકા |
| લક્ષ્મીચંદ રવજી માલશી દેઢિયા | ૬૯ | ગેલડા | ગેલડા |
| માતુશ્રી ધનગૌરીબેન લખમશી મૌમાયા/સૈયા | ૭૮ | સમાઘોઘા | અમદાવાદ |
| ધીરજલાલ નાગજી કુંવરજી ફુરિયા | ૮૦ | બિદડા | નાગપુર |
| સંજય (બેરાજાના વિમળાબેન વલ્લભજી મામણિયાના જમાઈ) | ૬૦ | - | મલાડ |
| પાનબાઈ માવજી મોરારજી સતિયા | ૮૨ | નાની તુંબડી | નાલાસોપારા |
| લક્ષ્મીબેન ડુંગરશી મોરારજી સોની | ૯૭ | વડાલા | મલાડ (સંથારો) |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અ.સૌ. દમયંતી નાગજી નાનજી દેઢિયા | ૭૮ | નાની ખાખર | બોરીવલી |
| વાલબાઈ મોરારજી હરશી ગડા | ૮૨ | ગઢશીશા | ઘાટકોપર |
| કુંવરજી તલકશી હંસરાજ દેઢિયા | ૮૨ | દેઢિયા | વિરાર |
| જવેરચંદ નાગજી દેવજી ગાલા | ૭૮ | ગોધરા | વડોદરા |
| પુષ્પાબેન મગનલાલ ભવાનજી દેઢિયા | ૮૯ | ભુજપુર | અમદાવાદ |
| મોહનલાલ મુરજી વીરજી ગડા | ૭૩ | ડુમરા | ઘાટકોપર |
| રતનબેન લક્ષ્મીચંદ ઘેલા ગાલા | ૭૮ | બિદડા | બોરીવલી |
| મગનલાલ પ્રેમજી વેલજી સાવલા | ૮૫ | નાની તુંબડી | ડોંબિવલી |
| મણિબેન દામજી પોપટલાલ ગાલા | ૯૪ | લાખાપુર | માટુંગા |
| હરેશ ચાંપશી દેવશી ગાલા | ૬૦ | ટોડા | વિલે પાર્લે |
| ડુંગરશી દેવજી ઘેલા સૈયા | ૮૦ | બેરાજા | ભાંડુપ |
| મા. મણિબેન રામજી રતનશી ગડા | ૯૨ | નવાવાસ | તાડદેવ |
| નીશા પ્રફુલ્લ વલ્લભજી છેડા | ૪૭ | ગોધરા | દાદર |
| રમેશ કુંવરજી દેરાજ દેઢિયા | ૭૧ | મોથારા | ડોંબિવલી |
| વેલજી જખુ દાયા નંદુ | ૭૧ | નાના ભાડિયા | માટુંગા |
| હરખચંદ ગણપત લઘા ગાલા | ૭૧ | વડાલા | સાયન |
| ફોરમ ભરત ભવાનજી દેઢિયા | ૩૧ | પ્રાગપુર | દહીંસર |
| વિનોદ ઉમરશી આણંદજી દેઢિયા | ૬૦ | પત્રી | બદલાપુર |
| સુશીલાબેન રવિલાલ ખીમજી છેડા | ૮૨ | મુંદ્રા | ડોંબિવલી |
| હેમકુંવરબેન જાદવજી ઉમરશી નંદુ | ૮૬ | બારોઈ | મલાડ (૨૩ઉ) |
| કાંતાબેન કલ્યાણજી રવજી સતરા | ૮૪ | પ્રાગપુર | બોરીવલી |
| પ્રેમજી જીવરાજ મારુ | ૯૦ | કોટડા (રોહા) | ભાઈંદર |
| અ.સૌ. પ્રતિભાબેન શાંતિલાલ રતનશી મારુ | ૬૧ | ચિઆસર | અંબરનાથ |
| ભાનુબેન ચુનીલાલ કુંવરજી ગડા | ૭૩ | ભોજાય | ગાંધીનગર |
| દેવચંદ તેજશી સામંત વોરા | ૮૨ | નવીનાળ | માહિમ |
| મા. ઝવેરબેન ગાંગજી હંસરાજ નિસર | ૯૪ | દેવપુર | ફોર્ટ |
| વેલબાઈ મોણશી વેરસી મોતા | ૯૭ | ગોધરા | વિરાર |
| કુ. ગીતાબેન દામજી કચરા છેડા | ૫૬ | મોટા લાયજા | થાણા |
| મુલબાઈ રામજી ખીમજી કક્કા | ૮૭ | નાગલપુર | કાંદિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| નાનબાઈ દામજી રવજી માલદે | ૯૩ | લુણી | નાલાસોપારા |
| હર્ષદ કુંવરજી હીરજી છેડા | ૬૨ | દેશલપુર (કંઠી) | ડોંબિવલી |
| અમૃતલાલ મેઘજી રવજી વોરા | ૬૫ | કુંદરોડી | વાંગણી |
| ખુશાલ નાનજી માલશી ગંગર | ૭૦ | છસરા | મલાડ (૨૧ ઉ) |
| મનસુખલાલ વેલજી મુરજી ગંગર | ૭૬ | નવીનાળ | દાદર |
| મા. લીલબાઈ સુંદરજી પચાણ હરિયા | ૮૨ | હમલામંજલ | ઘાટકોપર |
| શાંતિલાલ હીરજી દેવરાજ સોની | ૮૭ | દેશલપુર (કંઠી) | મલાડ |
| ભરત ગોસર આસગ દેઢિયા | ૫૩ | મેરાવા | બોરીવલી |
| પ્રવીણ રામજી કુરપાર ગાલા | ૬૯ | કાંડાગરા | સાત રસ્તા |
| હર્ષાબેન ધીરજ નાગજી સાવલા | ૭૦ | રાયણ | મીરા રોડ |
| હસુમતીબેન જાદવજી વીરજી સતરા | ૮૦ | મોખા | બોરીવલી |
| સુશીલાબેન ડુંગરશી મેઘજી દેઢિયા | ૮૨ | બિદડા | દાદર |
| ધનજી શિવજી ભેદા | ૭૩ | મોખા | મુલુંડ |
| કમલકાંત રામજી દેઢિયા | ૭૬ | નાની ખાખર | પુના |
| અ.સૌ. લીઝાબેન નેમજી પોપટલાલ સાવલા | ૮૦ | સમાઘોઘા | વિલે પાર્લે |
| દિવાળીબેન લખમશી ગાંગજી મારુ | ૮૭ | લાખાપુર | થાણા |
| સુષ્મા મુલજી જેઠા ગોસર | ૮૪ | મોટા રતાડિયા | મલાડ |
| રશ્મિ મનોજ મણિલાલ ગાલા | ૫૭ | દેશલપુર (કંઠી) | પુના |
| કસ્તૂરબેન ધનજી હીરજી કેનિયા | ૮૮ | બારોઈ | ઘાટકોપર |
| ચેતન ખીમજી મેઘજી દેઢિયા | ૫૬ | કાંડાગરા | થાણા |
| જશ્મીના મહેન્દ્ર નાનજી શાહ/ગોગરી | ૬૧ | રાયણ | ભાયખલા |
| ચુનીલાલ હીરજી કરમશી ભેદા | ૭૮ | સમાઘોઘા | વાપી |
| માવજી વેરશી વેલજી સાવલા | ૯૨ | નાની તુંબડી | નાગપુર |
| મહેશ લાલજી મોમાયા સાવલા | ૫૫ | દેશલપુર | બોરીવલી |
| નિર્મળાબેન મંગલ શામજી ગડા | ૮૨ | રાયણ મોટી | ડોંબિવલી |
| આચાર્યા સાકરબેન ખીમજી પુંજા દેઢિયા | ૧૦૦ | ભુજપુર | મુલુંડ |
| **કાળધર્મ પામેલ છે.** | | | |
| સાધ્વી શ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા. | ૭૮ | | - |
| સાધ્વી શ્રી નિરાગીણાશ્રીજી મ.સા. | ૫૮ | આઠમો ઉપવાસ | |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| રતનબેન પ્રેમચંદ તેજપાર ગાલા | ૭૨ | દેવપુર | નાહુર |
| ભદ્રિક કેશવજી કોરશી છેડા | ૭૧ | ગોધરા | અંધેરી |
| મીઠાંબેન ઠાકરશી હીરજી ગાલા | ૯૪ | પત્રી | દાદર |
| મહેન્દ્ર સુંદરજી કુંવરજી દેઢિયા | ૬૦ | ગઢશીશા | મુલુંડ |
| તનસુખ ખેતશી પુનશી લાલન | ૬૦ | કોડાય | માહિમ |
| મા. કસ્તૂરબેન જાદવજી પદમશી છેડા | ૭૯ | પત્રી | વિલે પાર્લે |
| મા. ભાનુબેન ધારશી કુરપાર છેડા | ૯૦ | મોટા આસંબિયા | ચીરાબજાર |
| મા. જવેરબાઈ લીલાધર શિવજી વિકમાણી | ૮૪ | કોટડા (રોહા) | નાલાસોપારા |
| મા. મધુરીબેન હરખચંદ વીરજી સાવલા | ૬૯ | ફરાદી | મીરા રોડ |
| કેતના મનોજ કાંતિલાલ દેઢિયા | ૫૪ | દેશલપુર (કંઠી) | પાલઘર |
| પાનબાઈ ધારશી કાનજી દેઢિયા | ૮૨ | ભુજપુર | જોગેશ્વરી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| ખેતબાઈ ટોકરશી પાંચારિયા દેઢિયા | ૯૪ | તલવાણા | ચેમ્બુર |
| મા. દમયંતીબેન રવજી મેઘજી નાગડા | ૮૫ | ચાંગડાઈ | મુલુંડ |
| રતિલાલ શામજી પાંચારિયા દેઢિયા | ૮૮ | બિદડા | અંધેરી |
| વીરજી ગાંગજી કુંવરજી ખીમસરિયા | ૭૫ | મોટી ઉનડોઠ | મુલુંડ |
| કેશવજી વિજપાર પોલડિયા | ૮૦ | બિદડા | વરલી |
| અ.સૌ. હેમલતાબેન મહેન્દ્ર તેજપાર ગાલા | ૫૮ | દેવપુર | આંબીવલી |
| અ.સૌ. રતનબેન ધીરજ શિવજી ધરોડ | ૬૬ | પત્રી | વાશી |
| વસનજી દામજી ઠાકરશી પાસડ | ૮૩ | દેઢિયા | મુલુંડ |
| વેલજી પુંજા લધા ગડા | ૯૫ | બાડા | ઘાટકોપર |
| મા. શાંતાબેન હંસરાજ ચાંપશી ધરોડ | ૮૩ | પત્રી | બોરીવલી |
| | | | |


# મુલચંદ લાલજી એન્ડ કાં.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ 75
સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૫ વર્ષ
સંપ, સંગઠન, સમર્પણ



WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) DECEMBER 2022 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022

